**સુવિચાર**
ગંભીર હોવાનો ડોળ થઈ શકે છે, પણ હસમુખા હોવાનો ડોળ ન થઈ શકે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૦૬/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

હરિઓમ PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ વદ-૧૧ વર્ષ : ૧૬ અંક : ૧૬૪

## શહેરીજનોને જન્મથી લઈને અંતિમયાત્રા સુધી સુવિધા મેળવવા સંઘર્ષ

# અમરેલીનાં અંતિમયાત્રા માર્ગની હાલત દયનીય

**ગાયત્રી મોક્ષધામ નજીકનો માર્ગ અતિ બિસ્માર બનતા અંતિમયાત્રા લઈ જતાં ડાઘુઓ પણ પરેશાન**

**માર્ગ-મકાન વિભાગ હસ્તકનો આ માર્ગ અતિ બિસ્માર બનતા નારાજગી**

**શહેરીજનોમાં અપાર સહનશકિત હોવાથી જનપ્રતિનિધિઓ કે અધિકારીઓને જનતાનો ડર જ નથી**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોને બદલે જનપ્રતિનિધિઓ અને અધિકારીઓને મોજેમોજ**



અમરેલી, તા.૨૧

અમરેલીનાં ગાયત્રી મોક્ષધામની નજીકનો માર્ગ ઘણા મહિનાઓથી અતિ બિસ્માર બનતા કોઈ નાગરિકનું અવસાન થાય અને અંતિમયાત્રા નીકળે તો ડાઘુઓને મહામુસીબતે ત્યાંથી પસાર થવું પડે તેવી ગંભીર સ્થિતિ જોવા મળી રહી છે.

અમરેલીનાં શહેરીજનો જીવતા જુવે તો બિસ્માર માર્ગો, ગંદકી, અંધારપટ્ટ જેવી સમસ્યાનો તો સામનો કરી રહ્યા છે પરંતુ અંતિમયાત્રા પણ સરળતાથી મોક્ષધામ સુધી પહોંચી શકતી નથી.

મોક્ષધામ નજીકથી માર્ગ-મકાન વિભાગ હસ્તકનો માર્ગ પસાર થાય છે અને માર્ગ અતિ બિસ્માર અને ગંદકીથી લથબથ હોય અંતિમયાત્રાને પસાર થવામાં મુશ્કેલી થઈ રહી છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો જ સર્વોપરી હોય છે. પરંતુ અમરેલીયનોમાં અપાર સહનશકિત હોવાનો લાભ જનતાનાં સેવક ગણાતા પદાધિકારીઓ અને અધિકારીઓ લઈ રહ્યા છે અને લોકશાહી શાસનમાં વ્યવસ્થા જનપ્રતિનિધિઓ અને અધિકારીઓ સર્વોપરી જોવા મળી રહ્યા છે અને જનતા બિમારીની અવસ્થામાં જીંદગી પસાર કરી રહી છે. આ પરિસ્થિતિ અત્યંત કરૂણાજનક બની છે.

## ૨૦ કર્મચારીનાં મહેકમ સામે માત્ર ૩ કર્મચારી

# લ્યો બોલો : જાફરાબાદમાં આવેલ મદદનીશ મત્સ્યદ્યોગ નિયામકની કચેરીમાં માત્ર ૩ કર્મચારી

**જિલ્લા કક્ષાની કચેરીની હાલત અતિ દયનીય બની**

જાફરાબાદ, તા. ૨૧

જાફરાબાદ ખાતે આવેલ ફિશરીઝ ઓફીસના મહેકમ અને સ્ટાફ કવાર્ટર અંગે સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તથા સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ બંને (એનજીઓ) દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆતમાં જણાવેલ કે અમરેલી જીલ્લા કક્ષાની ફિશરીઝ ઓફિસ આવેલી હોય આ ફિશરીઝ ઓફિસમાં ૨૭ નુ મહેકમ છે. તેની સામે ફકને ફકત ૩ જ કર્મચારીઓ આખી ફિશરીઝનું વહીવટી કામગીરી કરી રહ્યા છે. આ કચેરી




કાર્યક્ષેત્ર તળે આવતા જાફરાબાદ, શિયાળબેટ , ચાંચ બંદર, રાજપરા, નવાબંદર, ધારા બંદર, સીમર , સરતાનપર વિગેરે બંદરો માછીમારોના

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
88,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬


શું તમને સાંભળવાની તકલીફ છે ?
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Aikyam
એક્યમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુદ્ધિ બાળકોની સારવાર
- ચિંતા - ટેન્શન
- માથાનો દુ:ખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી Mo. 98250 91721
સુવર્ણ અલંકારોની વિસ્તૃત શ્રેણી સાવરકુંડલા શહેરને આંગણે...
સોનાના 22CT હોલમાર્ક તથા ચાંદીના દાગીનાનું
જ્વેલરી એક્ઝીબિશન
૨૨ રવિવાર જુન - ૨૦૨૫
સમય : ૧૦:૦૦ થી ૬:૦૦
92.5 સ્ટર્લીંગ સીલ્વર રીંગ 251/- થી શરૂ
શ્રી મોઢ મહાજન વાડી, "રામજી મંદિર હોલ", મણીભાઈ ચોક, સાવરકુંડલા
Branch નિલકંઠ જ્વેલર્સ
ભગવતી ફાસ્ટ ફુડની સામે, જયરાજ પ્લોટ, પેલેસ રોડ, રાજકોટ. Mo. 95375 25000
રૂા. ૧૦,૦૦૦ કે તેથી ખરીદી કરો અને મેળવો લાખોના ઈનામો જીતવાની તક
તા. ૦૧, જુન-૨૦૨૫ થી તા. ૧૫, ડીસેમ્બર-૨૦૨૫

ફિઝિશિયન વિભાગ
- હૃદયના એટેકની સારવાર.
- તમામ પ્રકારની ઝેરી દવાઓ (પોઈઝન), વીંછી, સર્પદંશ તથા કોઈપણ પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
- ક્રીટીકલ અને આઈ. સી. યુ. ના દર્દીની સારવાર
- બધા પ્રકારના વા ની સારવાર
- બ્લડ પ્રેશર અને ડાયાબિટીસનું નિદાન અને સારવાર.
- ડેન્ગ્યુ,મેલેરીયા, ટાઈફોઈડ તથા તમામ પ્રકારના તાવનું નિદાન અને સારવાર.
- ન્યુમોનિયા, ટીબી, શ્વાસ(દમ) તથા ફેફસાના રોગોનું નિદાન અને સારવાર.
- પેટના રોગો, ઝાડા, ઉલટી,કોલેરા વગેરે રોગોનું નિદાન અને સારવાર આધાશીશી,
- અનિંદ્રા, બેચેની, ચક્કર,શરીરની નબળાઈ (weakness), ખાલી ચડવી, નસના દુખાવા તથા કોરોનાનું નિદાન અને સારવાર.
- પેરાલીસીસ (લકવો) નું નિદાન અને સારવાર તથા ખેંચની સારવાર ઉપલબ્ધ.
- કિડનીના રોગો, લીવરના રોગો, થાઈરોઈડ, કમળો,સંધીવા વગેરે રોગોનું નિદાન અને સારવાર રાહત દરે ઉપલબ્ધ.
24/7 Emergency Services
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli
ડૉ. મનીષ કુમાર
(MBBS., M.D. Medicine)
Consultant
Physician & Cardio- Diabetologist
ઉપલબ્ધ સુવિધા
અતિ આધુનિક સુવિધાયુક્ત આઈ.સી.યુ તથા વેન્ટિલેટરની સુવિધા | એક્સ-રે તથા ઇ.સી.જી. મેડિકલ સ્ટોર | લેબોરેટરી | 24x 7 તાત્કાલિક સારવાર | એમ્બ્યુલન્સની સુવિધા
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ (ગોળ દવાખાનુ)
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
એન.સી.ટી કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત ઇન્ડિયા.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯

# અમરેલી : અમર ડેરી ખાતે આંતરરાષ્ટ્રીય યોગા દિવસ ઉજવણી કરાઈ



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં તંદુરસ્ત ભારત નિર્માણ માટે યોગ શરૂ કરાયેલ જે સમગ્ર વિશ્વએ સ્વીકારીને આજનાં દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે ઘોષિત કરેલ છે. તે દિવસે અમર ડેરીનાં એમ.ડી. ડો.આર.એસ. પટેલ જણાવેલ યોગ કરવાથી શરીર તંદુરસ્ત અને મનની શાંતિ સાથે–સાથે જીવનચર્ચા દરમિયાન સમયનું મહત્વ સમજાવે છે. આ પ્રસંગે સંઘનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા જણાવેલ કે દેશનાં યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર વિશ્વમાં યોગનું મહત્વ સમજાવીને આદી–અનાદી કાળ ઋષિમુનિઓ આપેલ યોગ અને સાધનાનું મહત્વ જણાવીને તારીખ ૨૧ જુનનાં દિવસને વિશ્વ યોગ દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં જાહેર કરેલ છે. આ સમયે મને કહેતા ગર્વ થાય છે. ત્યારે વિશ્વને બિમારીથી બચવા યોગ અને આયુર્વેદિક ઉપચારમાં દેશ દુનિયામાં સૌથી આગળ છે. આ પ્રસંગે ફકત ૧ દિવસ યોગ કરવાને બદલે યોગને આપણી જીવન શૈલીનો કાયમી ભાગ બનાવીને શરીરની તંદુરસ્તીની જાળવણી કરવી જોઈએ. આ પ્રસંગે ખાસ ટ્રેનર યોગીતા પટેલ અને તેની ટીમ ધ્વારા યોગા, પ્રાણાયમ અને જુમ્બા કરેલ હતા. અ કાર્યકમમાં સંઘનાં જનરલ મેનેજર ડી.આર. રામાણી સહિત કર્મચારીઓ હાજર રહી યોગ કરેલ હતા. તેમ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

### ચેરમેન અશ્વિન સાવલિયા, એમ.ડી. ડો. આર.એસ. પટેલ દ્વારા

## અમરેલીની અમર ડેરીનાં કર્મચારી ચૈતન્ય ભટ્ટ જાપાનનાં પ્રવાસે જતાં શુભેચ્છા પાઠવાઈ

### અમુલ ફેડરેશન અને અમર ડેરી દ્વારા ખાસ કાયઝન વિઝિટ



અમરેલી, તા. ૨૧

આજથી અમુલ ફેડરેશન ધ્વારા જાપાન ખાતે ૭ દિવસની કાયઝન ટુર યોજવામાં આવેલ છે. તેમાં દરેક દૂધ સંઘના પ્રતિનિધિને મોકલવામાં આવે છે. તેમાં વિભાગીય અધિકારીઓ પોતાના વિભાગમાં નાની–નાની કામગીરી કર્મચારી પાસે કઈ રીતે કરાવીને સંસ્થાને ઓછા સમયમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને કામ કરાવી શકાય તેવી જાણકારી અને ટ્રેનીંગ માટે આ કાયઝન ટુર યોજવામાં આવે છે.

આ ટુરમાં અમર ડેરીનાં કર્મચારી એમ.આર. અને મિકે. એન્જિનિયર ચૈતન્ય ભટ્ટને મોકલવામાં આવેલ. તેઓને ખૂબખૂબ અભિનંદન સહ શુભકામનાં અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, એમ.ડી. ડો. આર.એસ. પટેલ અને જનરલ મેનેજર ડી.આર. રામાણી તથા સાથી કર્મચારીગણએ આપેલ હતી. તેમ અમર ડેરીની અખબાર યાદીમાં જણાવવામાં આવે છે.

### એક પૃથ્વી એક સ્વાસ્થ્યની થીમ સાથે

## ચલાલા, બાબરા સહિતના સ્થળોએ માહી ડેરી દ્વારા યોગ દિવસની ઉજવણી

### અનેક સ્થળોએ માહી ડેરી દ્વારા ઉજવણી



અમરેલી, તા. ૨૧

પ્રતિ વર્ષે ૨૧ મી જુનને વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. યોગને દૈનિક જીવનશૈલી સાથે વણી લેવામાં આવે તો તે અનેક રોગોમાં અકલ્પનીય પરિણામ આપે છે. યોગ એ આરોગ્યમય, શાંતિમય અને સકારાત્મક જીવનશૈલી તરફ એક મજબુત પગલું છે. યોગથી થતા ફાયદાઓ અગણિત હોવાથી આ દિવસે સમગ્ર રાષ્ટ્રની સાથે દુનિયાભરમાં લોકો યોગમય બની જાય છે.

અકે પૃથ્વી–એક સ્વાસ્થ્ય માટે યોગની થીમ પર વિશ્વ યોગદિનના અનુસંધાને ચલાલાના ચિલિંગ સેન્ટર ખાતે, બાબરા બી.એમ.સી તેમજ છાપરીયાળી એમ.પી.પી. ખાતે માહી ડેરીના કર્મચારીઓ માટે સામુહિક યોગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યકમમાં વિશાળ સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લઈને વિવિધ યોગ કર્યા હતા. આ કાર્યકમમાં વિવિધ રોગોમાં કરાતા યોગનું સુંદર નિદર્શન કર્મચારીઓ ધ્વારા કરવામાં આવ્યું હતું.

માહી ડેરીની રાજકોટ ખાતે આવેલ કોર્પોરેટ કચેરીના તેમજ સૌરાષ્ટ–કચ્છમાં આવેલ વિવિધ જિલ્લા મથકો અને ગ્રામ કક્ષાએ આવેલા બી.એમ.સી. કેન્દ્રો તેમજ એમ.પી.પી. ખાતે પણ મોટી સખ્યામાં કર્મચારીઓએ યોગના કાર્યકમમાં જોડાઈને એક પૃથ્વી–એક સ્વાસ્થ્યની થીમ પર વિવિધ યોગ કર્યા હતા.

## બાબરા તાલુકા વહીવટી તંત્ર દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૧

બાબરામાં તાલુકા વહીવટી તંત્રદ્વારા વિશ્વયોગદિવસની ઉજવણી અહી સરકારી કમળશી હાઈસ્કૂલના મેદાનમાં કરવા આવી હતી. જેમાં જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, પી એસ આઈ, શહેર ભાજપ મહામંત્રી જગદીશ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા, ધર્મેશભાઈ વાવડીયા, ભુપતભાઈ બસિયા, મુકેશભાઈ ખોખરીયા, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ જવાનો, તાલુકાના અન્ય અધિકારી તેમજ મોટી સંખ્યામાં કર્મચારીઓ અને વિવિધ શાળાના બાળકો દ્વારા વિશ્વયોગદિવસ પર યોગ કરવામાં આવ્યા હતા.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૭૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫


### કર્મચારીઓ ચૂંટણી સામગ્રી સાથે રવાના થયા

## લીલીયા મોટાનાં ખારાપાટ વિસ્તારની ૪ ગ્રામ પંચાયતોની આજે ચુંટણી યોજાશે

### આજે સલડી, પૂતળીયા, સલડીમાં ધમધમાટ



અમરેલી, તા. ૨૧

લીલીયા ખારાપાટ વિસ્તારમાં આવતીકાલના રોજ સલડી, પૂતળીયા, ટીબડી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી જયારે નાના કણકોટ ગ્રામ પંચાયતના સરપંચે રાજીનામું આપી દેતા ત્યાં સરપંચ પદ માટેની પેટા ચૂંટણી યોજાશે. આજે મામલતદાર કચેરી ખાતે મામલતદાર બળદેવ પટેલે ગ્રામ પંચાયત ચૂંટણી ફરજમાં રોકાયેલા તમામ કર્મચારીઓને ચૂંટણીલક્ષી જરૂરી માર્ગદર્શન આપી બેલેટ પેપર સહિતની ચૂંટણી સાહિત્ય આપી ચૂંટણી ફરજ માટે પોલીસ બંદોબસ્ત સાથે રવાના કર્યા હતા.

લીલીયા તાલુકામાં સલડી, પૂતળીયા, ટીબડી ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી જયારે નાના કણકોટ સરપંચ પદની ચૂંટણી યોજાશે. ખારાપાટ વિસ્તારમાં ચાર પૈકી એક પણ ગ્રામ્ય પંચાયત સમરસ કરાવવામાં શાસક પક્ષને સફળતા મળેલ નથી. તેથી તાલુકાના આઠ બૂથ પર બેલેટ પેપરથી મતદાન થશે. સમગ્ર ચૂંટણીની કામગીરી સફળ બનાવવા માટે મામલતદાર બળદેવ પટેલ, નાયબ મામલતદાર વિપુલ મહેતા, એક .કે. પરમાર સહિતનો સ્ટાફે જહેવત ઉઠાવી હતી.

## અમરેલી જિલ્લા અદાલત ખાતે ડીસ્ટ્રીકટ જજની અધ્યક્ષતામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી



અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લા અદાલત ખાતે વિ યોગ દિવસની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં અધ્યક્ષ અને ડીસ્ટ્રીકટ જજ રીઝવાના બુખારી તથા કુલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદીનાં માર્ગદર્શન નીચે યોગ ઈન્સ્ટ્રકટર નિકીતાબેન મહેતાનાં નિદર્શન હેઠળ યોગ પ્રાણાયમ કરીને ઉજવણી કરવામાં આવી હતી.

સદર ઉજવણીમાં એડીશનલ સિનીયર સિવીલ જજ વી.ડી. વ્યાસ, સિવીલ જજ કે.બી. પરમાર તથા બાર એસોસીએશન અમરેલીનાં પ્રમુખ એન.વી. ગીડા તેમજ હોદેદારો અને વકીલો, એલ.એ.ડી.સી. કચેરીનાં સ્ટાફએ હાજર રહી યોગ પ્રાણાયમ કર્યા હતાં.

કાર્યક્રમનાં અંતે યોગ ઈન્સ્ટ્રકટર નિકીતાબેન મહેતાએ યોગ અને પ્રાણાયમની શરીર અને મનની તંદુરસ્તી માટે ઉપયોગીતા અંગે સમજ આપી હતી. જયારે વિ યોગ દિવસની ઉજવણીને સફળ બનાવવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીનાં સ્ટાફ તથા ડીસ્ટ્રીકટ કોર્ટનાં સ્ટાફએ જહેમત ઉઠાવી હતી.

### સાંસદ ભરતભાઈ સુતરિયાની ઉપસ્થિતિમાં

## લાઠી ખાતે તાલુકા કક્ષાનાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી


### શરીર કાયમ માટે સ્વસ્થ રહે તે માટે નિયમિત યોગાભ્યાસ કરવા ખુબ જરૂરી : સાસંદ



અમરેલી, તા. ૨૧

લાઠી ખાતે તાલુકા કક્ષા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જિલ્લાના વિવિધ તાલુકાકક્ષાએ પણ યોગ દિવસની ઉજવણી અંતર્ગત યોગાભ્યાસના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરિયાએ જણાવ્યુ કે, શરીર કાયમ માટે સ્વસ્થ રહે તે માટે નિયમિત યોગાભ્યાસ કરવા ખૂબ જરૂરી છે. યોગ થકી શારિરીક, માનસિક ફીટનેસ પ્રાપ્ત કરી શકાય છે. લાઠી ખાતે તાલુકા કક્ષાના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં સ્થાનિક પદાધિકારીઓ, પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, મામલતદાર રાજયગુરૂ, તાલુકાના નાગરિકો, શાળાના બાળકો સહિત સૌ ઉજવણીમાં જોડાયા હતા.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે યોગ દિવસની ઉજવણી



યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે યોગ દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સર્વપ્રથમ દીપપ્રાગટય પુ.સંત ડો. રતીદાદા, ધારાસભ્ય જે.વી. કાકડિયા, નગરપાલિકા પ્રમુખ ભયલુભાઈ વાળા, શહેર પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, અશોકભાઈ, જયરાજભાઈ વાળા, કન્યાશાળાના આચાર્ય ભગીરથભાઈ, પોલીસ સ્ટાફ સહિત ભગીરથભાઈ ધાધલ, હોમગાર્ડ સ્ટાફ સહિત અગ્રણીઓ ધ્વારા કરાયું હતું. ત્યારબાદ સરકારની ગાઈડલાઈન બધાજ વિદ્યાર્થી ભાઈ–બહેનો સહિત અગ્રણીઓને યોગ થતા વિવિધ આસનો કરાવાયા હતા. આ આસનો યોગ નિષ્ણાત ડો. દેવકુભાઈ વાળા, ઉદયભાઈ વાળા તેમજ યોગાચાર્ય વેદાંતભાઈ ધ્વારા કરાવવામાં આવ્યા હતા. તેમજ આ કાર્યકમમાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, સંસ્કૃત શકિત ગુરૂકુળ, હરિબા મહિલા કોલેજ, રક્ષાશકિત સ્કુલના દીકરા–દીકરીઓ જોડાયા હતા તેમજ ભુવા શાળા સ્ટાફગણ, કન્યાશાળા સ્ટાફગણ, પોલીસ સ્ટાફગણ, હોમગાર્ડ, નગરપાલિકા સ્ટાફગણ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા ચા–પાણી નાસ્તાની સુંદર વ્યવસ્થા સંસ્થાની ડાયરેકટર ભારત ભુષણ મહેશભાઈ મહેતા તથા શીતલબેન મહેતા તેમજ સ્ટાફગણ ધ્વારા કરવામાં આવ્યું હતું.

## જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતની આગેવાનીમાં કોંગી આગેવાનો ગામડે પહોંચ્યા

# સાવરકુંડલાનાં અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતી કોંગ્રેસ


**હીપાવડલી, પીપરડી, ધોબા, મેકડા, ફીફાદ, આંકોલડા સહિતનાં ગામનાં ખેડૂતોની મુલાકાત લીધી**

**ખેડૂતોએ આક્રોશ સાથે જણાવ્યું કે વહીવટી તંત્ર કે જનપ્રતિનિધિઓ ફરકયા જ નથી**

**સેંકડો એકર જમીનનું ધોવાણ થતાં ખેડૂતો પાયમાલીની સ્થિતિમાં આવી ગયા**

**પૂર્વ ધારાસભ્યએ મુખ્યમંત્રી સમક્ષ સમગ્ર વિગતો રજૂ કરશે તેવી ખેડૂતોને ખાત્રી આપી**








સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા તાલુકાના ખારાપાટ વિસ્તારોમાં તારીખ ૧૬/૬ના રોજ પડેલ ભારે વરસાદના કારણે ખેડૂતોના ખેતરોમાં ખૂબજ મોટા પ્રમાણમાં નુકસાની થયેલ છે અને નદીઓના પાણી ખેડૂતોના ખેતરમાં આવ્યા જેથી હજારો વીઘા ખેતરો નદીઓ થઈ હતી. જેથી જૂના પાળા ધરાશાયી થઈ ખેડૂતોના ખેતરોના પાણી ભરાઈને માટી તણાઈ ગઈ અને બિયારણ પણ ધોવાઈ ગયા અને નદીઓમાં તણાઈ ગયા. જેથી હવે ખેડૂતોને ખેતરોમાં પુરાણ કરીને બાદમાં જ વાવણી થાય તેવી સ્થિતિ હાલ ઉભી થવા પામેલ છે હાલ આ ખેતરોની સ્થિતિ રણ નિર્માણ થયેલ છે.

આજરોજ પૂર્વ ધારાસભ્ય અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દ્વારા ખેડૂતોને સાથે રાખીને જમીનની મુલાકાત લીધી હતી. જેમાં હિપાવડલી, પીપરડી, ધોબા, મેકડા, ફીફાદ, આંકોલડા વગેરે ગામોના ખેડૂતો સાથે ચર્ચા કરતા ખેડૂતોએ જણાવ્યું કે આજ દિન સુધી વહીવટી તંત્ર અને ચૂંટાયેલ પ્રતિનિધિ દ્વારા સ્થળની મુલાકાતે આવેલ નથી કે ખેડૂતોની વ્હારે આવેલ નથી.

હિપાવડલી ગામની મુલાકાતો ખેડૂતો સાથે ગયા હતા અને ગામના ખેડૂતોનું કહેવા પ્રમાણે કે ગામના હજારો વીઘાઓને નુકસાની થયેલ છે. જયારે આ આ ગામના હિપાવલી ગામના ખેતરો જવાનો મુખ્ય પુલ સ્મશાન પાસે આવેલ છે તે પુલ બનાવમાં ભ્રષ્ટાચારના કારણે ધોવાઈ ગયેલ છે અને ધરાશાયી થવાના કારણે ૫૦૦ વીઘા જેટલી જમીનોમાં જવાઈ તેમ નથી અને વાવણી કરવા જવાય તેમ નથી. આ પુલ ધરાશયીના કારણે આ ૫૦૦ વીઘા જમીન હાલ પડતર પડેલ છે અને કોઈ વહીવટી તંત્ર દ્વારા મુલાકાત લેવામાં આવી નથી અને હિપાવડલીથી પીપરડી રોડ ટૂંક સમય પહેલા જ બનેલ તેમાં રોડ અને સાઈડની દીવાલો તૂટી જવાના કારણ રોડ બિસ્માર હાલતમાં થઈ ગયેલ છે હજી ટૂંક સમય પહેલાં જ આ રોડ બનાવવામાં આવેલ છે. બાદમાં પીપરડી ગામની મુલાકાતે ગયેલ પીપરડી ગામમાં સૌથી વધુ નુકસાની થયેલ જેમાં આ પીપરડી ગામમાં સોલાર પ્લાન્ટનો પ્રોજેકટ મોટો બનાવવામાં આવેલો છે જે વર્ષો જૂના પાણીના નિકાલ હતા તે આ સોલાર પ્લાન્ટના કારણે બંધ થવાના કારણે જે વાવેતર જમીનનો હતી તેમના પાણી નદીઓના ઘુસ્યા હતા અને એક હજાર વીઘા કરતા વધુ જમીન નદીઓ બની હતી. જેથી આ જમીનોમાં મોટા નેરા જેવી સ્થિતિ થઈ છે અને ખેડૂતોને ખેતી કરી ન શકે તેવી સ્થિતિ થયેલ છે અને પીપરડીથી ધોબા રોડ પર ફલકું નદી આવેલ છે તે એક મહિના પહેલા આ નદીમાં પુલનું કામ ચાલુ કર્યું હતું. પીપરડી ગામના ગ્રામજનોએ ના પાડવા છતાં એજન્સી અને વહીવટી આ કામ ચાલુ કરેલ અને એક મહિનામાં કામ હજી ચાલુ થયું હતું ત્યાં વરસાદ આવવાના કારણે હાલ ડાયવર્ઝન પણ ખોવાઈ ગયેલ છે અને હવે કોઈ ડાયવર્ઝન બને એમ નથી. જેથી આ પીપરડી ગામનો મુખ્ય રોડ છે તે પીપરડી ગામને છ મહિના સુધી આ કામનો ડાયવર્ઝન ન થાય ત્યાં સુધી જઈ શકે તેમ નથી. જેથી આ વહીવટી તંત્રની એજન્સી દ્વારા આ ગામના લોકોને ખૂબ જ મોટા પ્રમાણમાં બહાર જઈ ન શકે તેવી સ્થિતિનું નિર્માણ થયેલ છે અને ખેડૂતોના ખૂબ જ મોટા પ્રમાણમાં આ ગામમાં નુકસાન થયેલ છે અને તમામ વાવેલ બિયારણ પણ ધોવાઈ ગયેલ છે. બાદ ધોબા ગામની મુલાકાત લીધેલી જેમાં આ ગામમાં પણ ખૂબ જ મોટા પ્રમાણમાં પણ નુકસાન થયેલ છે અને લોકોના વાવેલ બિયારણ પણ નદીઓમાં ધોવાઈ ગયેલ છે અને આ ગામમાં ટૂંક સમય પહેલા બનાવેલી સ્કૂલની પ્રોટેકશન દિવાલ નબળા કામના કારણે પડી ગયેલ છે અને આ દિવાલમાં બીમ કોલમ વગરની કરવાના અને બનાવતા સમયે પાણી ન પાયલ તેવું ગામ ગ્રામજનોએ જણાવેલુ. જેથી નબળા કામના કારણે આ દિવાલ ધરાશાયી થયેલ છે અને સ્કૂલના ઓરડાની અંદર ખૂબ જ મોટા પ્રમાણમાં પાણી ભરાયેલ છે જેથી ભવિષ્યમાં બાળકોના જીવન સાથે ખૂબ જ મોટું જોખમ ઉભું થાય તેમ છે.

બાદમાં ફીફાદ, મેકડા અને આકોલડા ગામની પણ મુલાકાત લીધેલી. આ ગામોમાં પણ ખૂબ જ મોટા પ્રમાણમાં ખેડૂતોના ખેતરોમાં નુકસાન થયેલ છે અને વર્ષો જૂના પાળા અને ખેતરોના માટી બિયારણ પણ ધોવાઈ ગયેલ છે અને લાખો રૂપિયાની નુકસાની આ ગામોમાં થયેલ છે અને મેંકડાથી આંકોલડાની વચ્ચે એક પુલ આવેલ જે લાખો રૂપિયાનો બનેલ હશે જે નબળા કામ અને સ્ટીલ વગરનું બનાવવાના કારણે પુલ બેસી ગયેલ છે અને આ બંને ગામ વચ્ચે કનેકિટવિટી બંધ થયેલ છે. આ પુલ બનાવવામાં ખૂબ મોટો ભ્રષ્ટાચાર થવાના કારણે થયેલ છે. જેથી સરકારનો ભ્રષ્ટાચારના લોકોને સામે આવેલ છે. જેથી આ ગામોમાં ખેડૂતોને થયેલ નુકસાનીનું સર્વે કરાવી લોકોને વળતર આપવા માટે મુખ્યમંત્રીને રૂબરૂ સમય માંગી પ્રતાપભાઈ દુધાત ગાંધીનગર જશે અને આ ખેડૂતોની વહારે સરકાર આવે તેવી માંગ કરશે અને આગલા વર્ષે પણ ખૂબ જ મોટા પ્રમાણમાં અમરેલી જિલ્લામાં નુકસાન થયેલ ત્યારે પણ અમરેલી જિલ્લાને વળતરથી બાકાત રાખેલ. જેથી જૂના વર્ષનું પેકેજ આપવા અને આ વર્ષે થયેલ અમરેલી જિલ્લાના ગામોનું સર્વે કરાવી વળતર આપવાની માંગણી લેખીતમાં પણ કરી છે અને મુખ્યમંત્રી સમય આપશે ત્યારે રૂબરૂ ખેડૂતો માટે ગાંધીનગર જશે અને તેમ છતાં કોઈ પગલાં નહીં ભરવામાં આવે તો ખેડૂતોને સાથે લઈ ધરણા પર બેસશે. ગામની મુલાકાત સમયે સાવરકુંડલા તાલુકા કાંગ્રેસ પ્રમુખ નરેશભાઈ દેવાણી, સાવરકુંડલા તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા જશુભાઈ ખુમાણ, સેવાદળના પ્રમુખ અનિભાઈ ધામેલીયા, તાલુકા પંચાયત સભ્ય ગોરધનભાઈ રાદડિયા તેમજ ગામના આગેવાન અને ખેડુતો મોટી સંખ્યામાં હાજર હતા.


સરકારી આઈ.ટી.આઈ. અમરેલી

- શું તમે ધોરણ - ૮ કે ધોરણ-૧૦ પાસ છો ?
- શું તમે નાની ઉંમરમાં રોજગારી મેળવવા માંગો છો ?
- ઓછી ફી માં વિદેશ જવા ઇચ્છો છો ?
- તમને વાંચવાને બદલે પ્રેક્ટીકલ વધારે ગમે છે ?
- આઈ.ટી.આઈ.નો ૨ વર્ષનો કોર્ષ કરી ૧૨ પાસ સમકક્ષતાનું પ્રમાણપત્ર મેળવવા ઇચ્છો છો.
- જો હા તો આજે જ તમારા વ્હાલસોયા સંતાનોને આપો તેના સપનાનું આકાશ......

શહેરની મધ્યમાં આવેલ ૬૨ વર્ષથી કાર્યરત તેમજ સમગ્ર રાજ્યમાં તૃતિય ક્રમાંકિત શ્રેષ્ઠ સરકારી સંસ્થા સાથે જોડાઓ અને તેમાં કાર્યરત ૨૩ જેટલા વિવિધ કૌશલ્યલક્ષી ટ્રેડમાંથી રસ ધરાવતા ટ્રેડમાં પ્રવેશ મેળવી નોકરી મેળવવાની ગેરેંટી મેળવો

તો આજે જ સંપર્ક કરો..

આઈ.ટી.આઈ. લાઠી રોડ, રેલ્વે સ્ટેશન પાસે, અમરેલી

હેલ્પલાઈન નંબર : ૯૪૨૯૦ ૯૮૧૯૮ / ૯૯૨૪૦ ૧૭૯૨૯

આઈ.ટી.આઈ. અમરેલીમાં વિનામૂલ્યે પ્રવેશ ફોર્મ ભરી શકાય છે.

....છેલ્લી તારીખ....

૩૦/૦૬/૨૦૨૫, સોમવાર



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર

અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...

અનિલસિંહ જનવાર : Mo.9426831241



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ

૪૦, પહેલા માળે, હિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી

ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪













જોઈએ છે...

HONDA

બાબરામાં હોન્ડા શોરૂમ માટે...

સેલ્સ ગર્લ્સ..૨

હેલ્પર.........૩

વોશીંગ મેન..૩

મનહર હોન્ડા

રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા

મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪ / ૯૪૯૯૬ ૫૨૧૦૪










# રાજુલા, જાફરાબાદ, બાબરા, બગસરા, સહિતનાં તાલુકા કક્ષાએ યોગ દિવસની ઉજવણી








૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ‘એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ’ થીમ સાથે અમરેલી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મનોરમ્ય વાતાવરણમાં જિલ્લા કક્ષાની ઉજવણી સંપન્ન થઈ હતી. ઉલ્લેખનીય છે કે ‘યોગઃ કર્મસુ કૌશલ્ય’ સુત્રમાં કર્મયોગનું ચિતન રજુ થયું છે. યોગ એ આપણી પ્રાચીન ઋષિ પરંપરાની અમુલ્ય ભેટ છે. યોગ થકી શરીર અને આત્માનું જોડાણ શકય બને છે. આજે સમગ્ર વિશ્વમાં યોગ દિવસની ઉજવણી નિમિતે યોગાભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ‘એક પૃથ્વી એક સ્વાસ્થ્ય માટે યોગ’ થીમ સાથે જિલ્લાના સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, લાઠી, બગસરા, ખાંભા, ધારી સહિતના વિવિધ તાલુકા કક્ષાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સ્થાનિક પદાધિકારીઓ, અધિકારીઓ, નાગરિકો, શાળા–કોલેજના બાળકો પણ યોગાભ્યાસ કાર્યક્રમમાં જોડાયા હતા. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી થકી ‘મેદસ્વિતા મુકત ભારત’ અભિયાન વેગવંતુ બનશે. આજરોજ વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશની ‘મેદસ્વિતા મુકત ભારત’ના નિર્માણ માટે રોજિંદા જીવનમાં ૧૦ટકા ખાદ્યતેલનો ઉપયોગ ઘટાડવા માટે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા પણ આહ્વાન કરવામાં આવ્યું હતું. રોજિંદા જીવનમાં વધુ પડતા ખાદ્ય તેલનો ઉપયોગ મેદસ્વિતા વધારે છે. મેદસ્વિતાના કારણે શરીર વિવિધ રોગનું ઘર બની જાય છે. અંગ કસરત, યોગાભ્યાસ થકી મેદસ્વિતાને ઘટાડી શકાય છે અને શરીરને ફીટ રાખી શકાય છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી ખાતે મનોરમ્ય વાતાવરણમાં**

અધિકારી–કર્મચારીઓ, જિલ્લાના સૌ નાગરિકો, ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કૂલના વિદ્યાર્થીઓ સહિત ઉજવણીમાં જોડાયા હતા. વિવિધ યોગાસન પ્રસ્તુતિ થકી વાતાવરણ યોગમય બન્યું હતુ.

યોગ થકી આપણી આંતરિક સુખાકારી વધે છે. યોગ એ તણાવમુકત, આરોગ્યપ્રદ જીવનશૈલી માટે ઉત્તમ ઉપાય છે. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં તમામ તાલુકાકક્ષાએ પણ ઉત્સાહભેર યોગ દિવસ ઉજવણી થઈ હતી.

વિશાખાપટ્ટનમ, આંધ્રપ્રદેશથી ‘મેદસ્વિતા મુકત ભારત’ના નિર્માણ માટે રોજિંદા જીવનમાં ૧૦ ટકા ખાદ્ય તેલનો ઉપયોગ ઘટાડવા માટે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આહ્વાન કરવામાં આવ્યું હતુ.

રોજિંદા જીવનમાં વધુ પડતાખાદ્ય તેલનો ઉપયોગ મેદસ્વિતા વધારે છે. મેદસ્વિતાના કારણે શરીર વિવિધ રોગનું ઘર બની જાય છે. અંગ કસરત, યોગાભ્યાસ થકી મેદસ્વિતાને ઘટાડી શકાય છે અને શરીરને ફીટ રાખી શકાય છે.

‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ’ની રાજયકક્ષાની ઉજવણી પ્રસંગે રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પેટેલે જણાવ્યુ હતુ કે, યોગ અને પ્રાણાયામની પ્રાચીન સ્વાસ્થ્ય વિરાસત વડાપ્રધાનની પ્રેરણા અને પ્રયાસોથી વિના દેશોના લોકોની રોજબરોજની જીવનશૈલીનો ભાગ બની ગઈ છે.

અમરેલી પોલીસ દ્વારા "SAY NO TO DRUGS" અભિયાન અંતર્ગત વિ યોગ દિવસ નિમિત્તે પોસ્ટર પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. ડ્રગ્સના દૂષણને ડામવા અને ગુજરાતના યુવાઓને ડ્રગ્સ જેવા દુષણોથી દૂર રાખવા અંગે જાગૃત્તિ લાવવા આગામી તા. ૨૬ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિનની ઉજવણી કરવામાં આવશે.

અમરેલી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૧૧માં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લાકક્ષાની ઉજવણી પ્રસંગે અમરેલી, વડીયા, કુંકાવાવ પ્રાંત અધિકારી મહેશ નાકિયા, પોલીસ અધિકારીઓ, પોલીસ જવાનો, જિલ્લા રમત વિકાસ અધિકારી પૂનમ ફુમકિયા, વિવિધ કચેરીના અધિકારી–કર્મચારીઓ સહિતના જોડાયા હતા.

પાના ૧ ઉપરનું ચાલું **જાફરાબાદમાં આવેલ મદદનીશ**

ફિશિંગને લગતા મહત્વના કાર્ય થતા નથી સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળતો નથી અપુરતા સ્ટાફના કારણે માછીમારોના કામ ટલ્લે ચડે છે. ઉપરોકત આ ફિશરીઝ ઓફિસમાં મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમકની જગ્યા પર ઘણા સમયથી ખાલી હોય અને આ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમક વેરાવળ ખાતે હોય અને તેઓને જાફરાબાદનો ચાર્જ હોય તેઓ મહિનામાં બે ત્રણ વાર આવતા હોય જેથી કરીને માછીમારોને પૂરતો લાભ મળતો ન હોવાથી માછીમારોમાં રોષ ફેલાયો છે. તેમજ ૨૭ મહેકમ સામે ત્રણ જ કર્મચારીઓ અમરેલી જિલ્લામાં આવતા તમામ બંદરોની કામગીરી કરી રહ્યા છે. સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચે તેવા બણગાં ફુંકવામાં આવે છે. અને બીજી તરફ રૂટીન કામગીરી માટે લોકો ધરમના ધક્કા ખાઈ રહ્યા છે. જીલ્લા કક્ષાની હોવા છતાં ૨૭ મહેકમ સામે ત્રણ કર્મચારીઓ અન્ય ખાલી પડેલી જગ્યાઓની કામગીરી ચલાવી રહ્યા છે. એક તો રેગ્યુલર મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમકની નિમણૂંક થતી નથી ઈન્ચાર્જથી કામ ચલાવવું પડે છે. ઉપરથી સ્ટાફ ઓછો છે. જેમને નિર્ણય લેવાનો છે તેવા અધિકારીઓ બે જગ્યાના ચાર્જમાં હોય જિલ્લાની કચેરી હોય પરંતુ આજદિન સુધી રેગ્યુલર અધિકારીઓ મળવાનાં ફાંફાં છે. સરકાર મોટા બણગાં ફુંકે છે. પરંતુ જિલ્લાના બંદરોની રૂટીન કામગીરી માટે મહેકમ પ્રમાણેના રેગ્યુલર અધિકારી કર્મચારી નિમણૂક ન કરતી હોવાને કારણે સામાન્ય લોકો ભોગવવી રહ્યા છે. ફિશરીઝ કર્મચારીઓને અધિકારીઓને રહેવાની સુવિધા મળતી નથી અહીં ફિશરીઝના જુના કવાર્ટર સંપૂર્ણ ખંઢેર હાલતમાં હોય બહારથી કર્મચારીઓને રહેવા માટે મકાનની સુવિધા ન હોવાથી કર્મચારીઓ ઉંચા ભાડા ભરીને રહેવું પડે છે. અત્રે નોંધવું જરૂરી છે કે જાફરાબાદમાં જે જર્જરિત ફિશરીઝ કવાર્ટર બાંધકામની તાતી જરૂરીયાત હોય તેમાટે યુધ્ધના ધોરણે કામગીરી કરવામાં આવે તે અત્યંત જરૂરી છે. ઉપરોકત વિષય બાબતે ગંભીર નોંધ લેવી આપની કક્ષાએથી સમગ્ર પ્રકરણ બાબતે જિલ્લા વહીવટી તંત્રના વડા કલેકટર સજ્ઞાન લઈને કાયમી મદદનીશ મત્સ્યોદ્યોગ નિયમકની નિમણૂક તથા મહેકમ અને સ્ટાફ માટે ક્વાર્ટર બાબતે કક્ષાએ રજૂઆત કરે તે જરૂરી છે. પ્રાથમિક તબક્કે સાગરખેડૂને પડતી હાલાકી મુદ્દે કલેકટર વ્યવસ્થામાં ઈન્વેસ્ટીગેકશન કરીને સુદ્રઢ વ્યવસ્થા બનાવે તે પ્રજા હિતમાં આવશ્યક છે. આ બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરવા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ બન્ને સંસ્થા ઓની રજૂઆત છે.

# રાજુલા : ગર્લ્સ હાઈસ્કુલમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી




તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૨૧

રાજુલાની શ્રીમતી ટી .જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલમાં વિ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી ભારતીય સંસ્કૃતિમાં યોગનું મહત્વ તથા યોગથી થતા ફાયદા તથા યોગ દ્વારા નિરોગી જીવન વિષયની માહિતી શાળાના ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષક એ.બી. જોગરાણા ભાઈએ યોગનું જીવનમાં મહત્વ સમજાવ્યું હતું તથા વિવિધ આસનો દ્વારા બાળાઓ ને આસન પ્રાણાયામ કરાવ્યા હતા. સાથે શાળાનાં શિક્ષીકા બહેન વાસંતીબેન ત્રિવેદીએ યોગ શબ્દનાં ઉદ્ભવ તેમજ મહર્ષિ પતંજલીનાં યોગ દર્શન વિષે માહિતી આપી હતી. ત્યારબાદ શાળાના શિક્ષક જીતેન્દ્રભાઈ કથીરિયા દ્વારા આસન પ્રાણાયામ અને કસરતના નિયમો સમજાવી કયા સમયે કયુ આસન કરવું તેમજ આસનોથી થતા વિવિધ પ્રકારના લાભો સમજાવી યોગ અને આસનો કરવામાં આવ્યા હતા. સમગ્ર શાળા પરિવાર આ કાર્યક્રમમાં જોડાયો હતો શાળાના આચાર્યા સીમાબેન પંડયાએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારને ધન્યવાદ પાઠવ્યા હતા.


**શ્રધ્ધાંજલિ**



સ્વ. દિલુભાઈ બસુભાઈ ધાખડા
સ્વ. તા.૧૯-૦૬-૨૦૨૫ - ગુરુવાર.
મુ. નાગેશ્રી, જિ.અમરેલી

તમારી મધુર સ્મૃતિઓ, તમારી નિર્મળ નિખાલસતા
હૃદયમાં ઝંકૃત થઈ અમારી આંખોમાં અશ્રુધારા વહાવી જાય છે.
પ્રભુ તમારા દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.

સુખાભાઈ જીલુભાઈ વાળા (અમરાપુર)
પૃથ્વીરાજ સુખાભાઈ વાળા (અમરાપુર)
જનકભાઈ જૈતુભાઈ વાળા (અમરાપુર)
બાલુભાઈ નનકુભાઈ ખુમાણ (ગાધકડા)
પતાપભાઈ બાલુભાઈ ખુમાણ (ગાધકડા)
જયરાજભાઈ બાલુભાઈ ખુમાણ (ગાધકડા)



**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા**
**મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, મુ. સાવરકુંડલા. જી. અમરેલી.**

**: જાહેરાત :**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ–સાવરકુંડલા તરફથી ચોગાનમાં વેસ્ટ માટી કાઢી તેમા હાર્ડમોરમ પુરવાની હોય જે માટે હાર્ડમોરમ (અંદાજિત જથ્થો ૨૫૦૦ મે. ટન)ના ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતા સપ્લાયરો/વેપારીઓ એ પોતાના ભાવો બંધ કવરમાં દિવસ – ૫ (પાંચ)માં ઉપરોકત સરનામે પહોંચતા કરવા. ભાવ રોયલ્ટી સાથેના અને સ્થળપર મટીરીયલ પહોંચતુ કરી અને મટીરીયલ પાથરી લેવલીંગ કરવા સાથેના આપવાના રહેશે. આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સત્તા બજાર સમિતિને અબાધિત રહેશે.

શ્રી દિપકભાઈ માલાણી – ચેરમેન
શ્રી મહેશભાઈ લખાણી – વાઈસ ચેરમેન
શ્રી જે.વી. માલાણી – સેક્રેટરી

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – સાવરકુંડલા



**Name has been changed**

I hereby declarer, **RIDDHIBEN MAHESHBHAI PATEL**,. my old name is **RIDDHI MAHESHKUMAR PATEL**, has been replaced by **RIDDHIBEN MAHESHBHAI PATEL.** So hencefroth I am Known by this name.


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૫ | ૧૧૩૭ |
| ૨ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૩૬ |
| ૩ | શિંગદાણા | ૧૨૫૦ | ૧૫૨૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૨૨૦ | ૧૪૩૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૪૬૬ |
| ૬ | તલ કાળા | ૨૨૪૦ | ૩૩૫૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૦૫ | ૨૩૩૫ |
| ૮ | બાજરો | ૪૦૩ | ૪૨૫ |
| ૯ | જુવાર | ૫૦૭ | ૮૩૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૫ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૩ | મગ | ૯૦૦ | ૧૪૧૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૯૫ |
| ૧૫ | ચણા સફેદ | ૧૦૩૦ | ૧૦૯૨ |
| ૧૬ | છોલે ચણા | ૧૧૨૦ | ૧૩૩૦ |
| ૧૭ | તુવેર | ૧૦૮૦ | ૧૨૨૬ |
| ૧૮ | કપાસ | ૯૦૦ | ૧૬૫૫ |
| ૧૯ | એરંડા | ૧૧૦૦ | ૧૨૮૨ |
| ૨૦ | જીરૂ | ૨૭૦૦ | ૩૫૬૫ |
| ૨૧ | ધાણા | ૯૧૫ | ૧૨૩૦ |
| ૨૨ | ધાણી | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ૨૩ | મેથી | ૬૦૦ | ૯૦૦ |
| ૨૪ | સોયાબીન | ૫૩૦ | ૮૧૭ |
| ૨૫ | કાંગ | ૩૦૦ | ૩૪૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૦ | ૧૬૧૧ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૨૦ | ૧૫૦૦ |
| ૩ | મગફળી | ૯૮૫ | ૧૦૪૫ |
| ૪ | જીરૂ | ૨૮૫૦ | ૩૫૬૦ |
| ૫ | ઘઉં | ૪૭૮ | ૫૧૧ |
| ૬ | તલ સફેદ | ૧૫૪૫ | ૧૯૬૫ |
| ૭ | તલ કાળા | ૨૫૧૫ | ૨૭૨૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જિણી | ૧૦૫૦ | ૧૨૨૩ |
| ૨ | શીંગ મોટી | ૧૦૬૫ | ૧૧૪૧ |
| ૩ | શીંગ ઉનાળુ | ૧૦૬૦ | ૧૧૫૨ |
| ૪ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૫૫૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૩૦૧ | ૨૯૬૦ |
| ૭ | જીરૂ | ૩૩૨૦ | ૩૫૫૦ |
| ૮ | કપાસ | ૧૪૦૦ | ૧૬૧૬ |
| ૯ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૭ |
| ૧૧ | બાજરો | ૩૫૦ | ૪૪૨ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૮૦૪ |
| ૧૩ | મગ | ૧૧૫૦ | ૧૩૯૨ |
| ૧૪ | અડદ | ૮૦૦ | ૧૦૩૦ |
| ૧૫ | ચણા | ૧૦૮૦ | ૧૧૨૦ |
| ૧૬ | દેશી ચણા | ૧૧૦૦ | ૧૨૪૭ |
| ૧૭ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૧૮ | એરંડી | – | ૧૨૪૭ |
| ૧૯ | સોયાબીન | – | ૮૦૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૯૧ | ૧૦૦૧ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૫ | ૫૧૦ |
| ૩ | ચણા સફેદ | ૧૧૧૦ | ૧૧૧૦ |
| ૪ | તલ કાળા | ૨૯૨૦ | ૨૯૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૪૩૦ | ૧૫૫૦ |
| ૬ | મગ | ૧૦૫૧ | ૧૩૫૦ |
| ૭ | શીંગ દાણા | ૧૪૦૧ | ૧૬૦૧ |
| ૮ | શીંગ ફાડા | ૧૨૧૬ | ૧૨૧૬ |
| ૯ | તુવેર | ૯૩૫ | ૧૦૧૫ |
| ૧૦ | કલોંજી | ૧૯૫૦ | ૧૯૫૦ |
| ૧૧ | ધાણા | ૧૨૦૦ | ૧૨૧૫ |
| ૧૨ | મેથી | ૬૦૦ | ૭૨૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૯૦ | ૪૯૮ |
| ૨ | ઘઉં ટુકડા | ૩૯૦ | ૪૯૯ |
| ૩ | જુવાર | ૪૫૦ | ૪૫૦ |
| ૪ | ચણા | ૧૦૩૦ | ૧૦૬૨ |
| ૫ | ધાણા | ૧૧૧૦ | ૧૧૩૫ |
| ૬ | શીંગફાડા | ૧૩૪૦ | ૧૩૬૦ |
| ૭ | મગફળી | ૯૦૦ | ૧૦૦૦ |
| ૮ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ૯ | સોયાબીન | ૭૧૨ | ૮૧૮ |
| ૧૦ | મગ | ૯૬૦ | ૧૫૧૬ |
| ૧૧ | તુવેર | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૧૨ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૫૪૫ |


**‘‘અમરેલી એક્સપ્રેસ’’**
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૫૭૫ |
| ૨ | તલ સફેદ | ૧૨૨૬ | ૧૮૫૧ |
| ૩ | તલ પીળા | ૧૭૬૮ | ૧૭૬૮ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૭૫ |
| ૫ | બાજરો | ૩૭૬ | ૫૨૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૪૬ |
| ૭ | જુવાર | ૪૭૧ | ૯૦૫ |
| ૮ | મગ | ૧૩૩૫ | ૧૩૮૬ |
| ૯ | અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૦ | તુવેર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૯૩૦ |
| ૧૨ | ધાણા | ૬૦૦ | ૬૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૭૧ | ૭૭૧ |

## નથી રેવાતુ હવે નથી રેવાતુ : ભાજપના પુર્વ મંત્રીનો આક્રોશ

# વિનાશનો જે સિધ્ધાંત કોંગ્રેસને લાગુ થયા તે ભાજપને પણ એટલો જ લાગુ પડે

### ભાજપનાં પુર્વ મંત્રી નનુભાઈ વાનાણીએ સોશ્યલ મીડિયામાં લાંબોલચક વેદનાપત્ર વાયરલ કર્યો

અમરેલી, તા. ૨૦

ગુજરાત ભાજપનાં અનેક જુના કાર્યકરો અને આગેવાનો નારાજ થઈને નિષ્ક્રીય થઈ ગયા છે અને સૌ વર્તમાન સ્થિતી નિહાળીને નાસીપાસ થઈ રહયા છે. તેવા સમયે ભાજપનાં જુના કાર્યકર, પુર્વ મંત્રી નાનુભાઈ વાનાણીએ એક લાંબોલચક પત્ર સોશ્યલ મીઢિયામાં વાયરલ કર્યો છે.

તેઓએ વેદનાપત્રમાં જણાવેલ છે કે,

ગુજરાતીઓની સ્વભાવગત વિચારધારા મુડિવાદી હોવા છતાં મહાત્માં ગાંધી સહીત રાજયના અન્ય મહાપુરૂષોના પ્રબળ પ્રભાવના કારણે ગુજરાતીઓમાં સમર્પણ, સેવા અને સાદગીનો નિઃસ્વાર્થ ભાવ પણ ઉજાગર થાય છે. એટલે જ ગુજરાતના રાજિકય વાતાવરણમાં ઘણા વર્ષો સુધી ગાંધીવાદી સમાજવાદનો સ્થિર પ્રભાવ રહ્યો હતો. ગુજરાતીઓની આવી સ્થિર માનસિકતાના કારણે જ આઝાદી મળ્યાથી ૧૯૯૦ સુધી સતત કોંગ્રેસનું અને ૧૯૯૫ પછી રાજયમાં ભારતીય જનતા પક્ષનું સ્થિર શાંત રહ્યું છે. આ સ્થિરતાનો અર્થ એ છે કે ગુજરાતની શાંત અને ધિરગંભીર પ્રજા તિકડમી અને લફ્ફછાપ અસ્થિર રાજનીતિમાં વિશ્વાસ કરવાને બદલે સ્થિર અને શાંત એવી મહાજની રાજનીતિ જ પસંદ કરે છે. એટલે જ સને ૧૯૭૦ પહેલાના દાયકામાં મુડીવાદી વિચારધારાના સમર્થક સ્વતંત્ર પક્ષનો થોડો ચમકારો રહ્યો હોવા છતાં સત્તા નજીક પહોંચે એટલો તો તે ન જ રહ્યો તેનું કારણ ગુજરાતની સ્થિર તાસીર જ છે.

ગુજરાતની મહાજની સાંસ્કૃતિક રાજકિય તાસીરનું ટૂંકુ તારણ આપવાનું કારણ એ છે કે સને ૧૯૯૫ થી આજ સુધી ગુજરાતમાં અડિખમની સાથોસાથ સુચારૂ શાષન કરનાર ભારતીય જનતાપક્ષમાં ક્રમાનુસાર નૈતિક, વહિવટી, કાર્ય, કાર્ય પધ્ધતી અને રાજકિય સંસ્કારમાં આવેલા પરીવર્તનના કારણે પક્ષના પાયાના કાર્યકરોના માનસમાં ઉભા થયેલા અલગાવ અથવા વિષાદનું વિશ્લેષણ કરવાનો અહીં પ્રયાસ કર્યો છે.

**ભાજપના વહિવટમાં કાર્યપ્રધતીનું પરીવર્તન** : 'વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને ચરાચર વિશ્વ એકબીજાને જોડતી શૃંખલાનો હિસ્સો હોવાથી કોઈ એકને પોષિત કરી અન્યની ઉપેક્ષા નહી કરવાની વિચારધારા ભારતીય જનતા પક્ષની છે. એટલે જ આ વિચારધારાને નામ આપ્યું 'એકાત્મ માનવવાદ'. જેમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે જાતિ, સંપ્રદાય, વર્ણ, અર્થ, ભાષા, પ્રદેશ, દેશ વગેરે પ્રકારના ભેદ રાખ્યા વગર સમાજના અંતિમ છેડે ઉભેલ વ્યક્તિના ઉત્થાનથી શરૂ કરાતી વિકાસ યાત્રા આગળ વધારી આગલા વ્યક્તિ સુધી પહોંચાડવાની આ વિચારધારા છે. જયારે તમામના ઉત્કર્ષની વાત કહેવામાં આવે ત્યારે ચરાચર સૃષ્ટીના તમામ અંગોનો તેમાં સમાવેશ થાય છે. આ વિચારધારાના પ્રણેતા ભાજપના વિચાર પુરૂષ પંડિત દિનદયાળ ઉપાપ્રયાયજી' હતા.

ચરાચર સૃષ્ટીના એકાત્મ વિકાસની વિચારધારા નવી નથી તેના બીજ તો, ભારતીય ૠષી પરંપરાથી જ રોપાયા હતા. એટલે જ વેદ અને ઉપનિષદના ૠષીઓએ નારો બુલંદ કરેલ કે 'વસુધૈવ કુટુંબકમ' અર્થાત સમગ્ર સૃષ્ટી મારો પરીવાર છે. તેનો અર્થ એ છે કે ભારતીય જનતા પાર્ટીની વિચારધારામાં ભારતની પ્રાચીન ભુમીની સુગંધ જોડાયેલી છે. વિદેશી ભુમીની નહીં. અહીં વિદેશ શબ્દનો અર્થ સંકુચિત એટલે નથી કરવાનો કે ભારત એક સ્વતંત્ર રાષ્ટ્ર હોવા છતાં તે ચિંતા તો સમગ્ર સૃષ્ટીની જ કરે છે. એટલે જ પ્રત્યેક દેશ, પ્રદેશ, જાતિ, સંપ્રદાય કે ભાષા વિશેષને નફરત નહી પ્રેમની નજરથી જ ભારત જુએ છે. વૈશ્વિક સમદષ્ટીની વિચારધારા અપનાવવાના કારણે જ ભારતીય જનતા પાર્ટી માટે કહેવાય છે કે પાર્ટી વિથ ડિફરન્ટ' એટલે કે બાકીના તમામ રાજકિય પક્ષોથી અલગ.

સંકુચિત નહી વ્યાપક દૃષ્ટીથી જો મુલવણી કરીએ તો નરેન્દ્ર મોદી જે વિચારથી દેશનું શાષન ચલાવે છે તે દેશહિત પુરતું સંકુચિત ન રહેતા વિશ્વ હિતની વ્યાપક નજરે જ ચલાવી રહ્યા છે. નરેન્દ્રભાઈની વ્યાપક સમજ એ છે કે સમગ્ર સૃષ્ટીના હિતમાં જ આપણા દેશનું હિત સમાયેલ હોવાથી અન્યનું અહિત કરીને કોઈ પોતાનું હિત કયારેય સાધી શકે નહીં. નરેન્દ્રભાઈની આ સમજ ભારતીય જનતા પાર્ટીની વિચારધારાનું પ્રતિબિંબ પાડતું હોવાથી સમગ્ર વિશ્વના લોકો નરેન્દ્રભાઈ પાસે વિશેષ અપેક્ષા રાખે તે સ્વાભાવિક છે,

પોતાના દેશથી ઉપર ઉઠી સમગ્રવિશ્વના લાભ માટે નરેન્દ્રભાઈ મોદી જયારે કાર્ય કરી રહ્યા છે ત્યારે એ સફળતાનું સૌથી મોટું લાભાર્થી ગુજરાત ન બન્યું હોય તેવું તો માની જ કઈ રીતે શકાય ? તેમાંએ જયારે સતત તેર વર્ષ સુધી નરેન્દ્રભાઈનું નેતૃત્વ ગુજરાતને મળ્યું હોય ત્યારે એ જાણવું અત્યંત જરૂરી છે કે એ તેર વર્ષ સહિત છેલ્લા અઠયાવિસ વર્ષ ભાજપે રાજયમાં કરેલ શાષન દરમ્યાન થયેલા વહિવટી, નૈતિક અને કાર્યપપ્રધતીનાં પરીવર્તનો કેવા હતા ? કોઈપણ રાજકીય પક્ષ જયારે જે તે રાજયની સત્તામાં નવો નવો આવે ત્યારે તે પોતાનું એક નવું જ વહિવટી મોડલ લઈને આવતો હોય છે. વહિવટી મોડલના વિવિધ પ્રકાર જેવા કે નાગરિક કેન્દ્રિત, વ્યક્તિ કેન્દ્રિત, કાર્યકર્તા કેન્દ્રિત અને અધિકારી કેન્દ્રિત તેમાના મુખ્ય છે. હવે જોઈએ એ ચારેય પ્રકારના વહિવટી મોડલના લક્ષણોને.

**નાગરિક કેન્દ્રિત વહિવટી મોડલના લક્ષણો :** આ મોડલનો વધારે પરિચય ન આપતા નાગરિક કેન્દ્રિત વહિવટી

મોડલનો આદર્શ નમુનો 'રામ રાજય' છે.

**વ્યક્તિ કેન્દ્રિત વહિવટી મોડલના લક્ષણો :** વ્યક્તિ કેન્દ્રિત વહિવટી રાજયમાં સત્તા સંભાળનાર વ્યક્તિ જે અને જેટલું કહે એટલું જ કાર્ય થતું હોય વ્યક્તિકેન્દ્રિત વહિવટમાં કાર્યકર્તા અને અધિકારીની ભુમીકા શુન્ય બરાબર હોય છે. આ મોડલને 'તાનાશાહી' મોડલ કહેવામાં આવે છે.

**કાર્યકર્તા કેન્દ્રિત વહિવટી મોડલના લક્ષણો :** કાર્યકર્તા કેન્દ્રિત શાષન વ્યવસ્થામાં શાષક પક્ષના કાર્યકર્તાઓની રજુઆત વ્યાજબી હોય કે ગેરવ્યાજબી તે જોયા વગર કાર્યકર્તા પ્રવારા સરકારમાં થતી કોઈપણ રજુઆતમાં આખરી વજન તો કાર્યકર્તાનું જ રહેતું હોય છે. કાર્યકર્તા કેન્દ્રિત શાષનમાં કાર્યકર્તાની ભુમીકા કેન્દ્ર સ્થાને રહેતી હોવાથી જે તે કાર્યકર્તા પોતાના વિસ્તારનો બેતાજ બાદશાહ બનીને ફરતો હોય છે. શાષક પક્ષનો કાર્યકર્તા લોકોને વટ સાથે કહેતો હોય કે કાંઈક કામ હોય તો કહેજો, ચપટી વાગે એટલામાં કરાવી આપીશ. અધિકારીઓ ઉપર રોફ જમાવતા કાર્યકરો કહેતા ફરતા હોય છે કે મને ઓળખો છો, હું કોણ છું? જો, મેં કહ્યું તેમ ન કર્યુ તો પટ્ટા ઉતરાવી નાખીશ, બદલી કરાવી દઈશ વગેરે.

કાર્યકર્તા કેન્દ્રિત વહિવટી મોડલનું મોટું દુષણ એ હોય છે કે તેમાં ભ્રષ્ટ્રાચાર શેરીઓમાં થતો જોવા મળે છે. મતલબ કે શેરીઓમાં ફરતા શાષક પક્ષના કાર્યકર્તાઓમાં ભ્રષ્ટ્રાચારનું દુષણ વધે છે. વહિવટનું આ મોડલ કાર્યકર્તા કેન્દ્રિત છે. આવા મોડલના દર્શન મહારાષ્ટ્રમાં શિવસેનાના અને બંગાળમાં સામ્યવાદી તથા તુણમુલના શાષનમાં જોવા મળે છે.

**અધિકારી કેન્દ્રિત વહિવટી મોડલના લક્ષણો :** કાર્યકર્તા કેન્દ્રિત વહિવટી મોડલની સરખામણીએ અધિકારી કેન્દ્રિત વહિવટી મોડલમાં સામાન્ય જનતાને ભ્રષ્ટ્રાચારના સ્વરૂપમાં ખર્ચવી પડતી વધારાની રકમ શીવાય બહુ મોટો ફરક પડતો નથી. કાર્યકર્તા કેન્દ્રિત વહિવટી મોડલમાં જે ભુમીકા શાષક પક્ષના કાર્યકર્તાની હોય છે તે જ ભુમીકા અધિકારી કેન્દ્રિત વહિવટી મોડલમાં સરકારી કામ કરાવી આપવા માટે લાયેઝનનું કામ કરતા એજન્ટોની હોય છે.

કાર્યકર્તા કેન્દ્રિત વહિવટી મોડલમાં જે ભ્રષ્ટ્રાચાર શેરીઓમાં ફરતા શાષક પક્ષના કાર્યકર્તાઓ કરતા હોય છે એવો જ ભ્રષ્ટ્રાચાર અધિકારી કેન્દ્રિત વહિવટી મોડલમાં કચેરીઓમાં બેસતા અધિકારીઓ કરતા હોય છે. એ તો સ્વાભાવિક છે કે કાર્યકર્તાઓની સરખામણીએ અધિકારીઓના પેટ મોટા હોવાથી સામાન્ય જનતાના ખિસ્સા અધિકારી મોડલમાં વધારે હળવા થાય! અધિકારીઓ ભણેલા ખરા ને ? બન્ને મોડલમાં ફરક એટલો જ કે કાર્યકર્તાનો ભ્રષ્ટ્રાચાર શેરીઓમાં થતો હોય અને અધિકારીઓનો ભ્રષ્ટ્રાચાર કચેરીઓમાં થતો હોય છે. સ્થાન અને પ્રમાણ ફરક સીવાય જનતા માટે બન્ને ભ્રષ્ટ્રાચારમાં કોઈ ફરક નથી.

એવું સમજવું કોઈ જરૂરી નથી કે અધિકારી કેન્દ્રિત વહિવટી મોડલમાં તમામઅધિકારીઓ કે કાર્યકર્તા કેન્દ્રિત વહિવટી મોડલમાં તમામ રાજકિય કાર્યકર્તાઓ કે તમામ નેતાઓ આવા ભ્રષ્ટ કામ સાથે જોડાયેલા જ હોય. જો આપણે આવું સમજી બેસીએ તો એવા અધિકારી, કાર્યકર કે નેતાઓને આપણે અન્યાય કરી બેસીશું કે જેઓ અફાટ રણમાં મીઠા જળની વિરડી સમાન છે. અર્થાત જેવો પ્રમાણિક છે.

ગુજરાતની સામાન્ય જનતા

### ગોળગોળ રીતે પણ ગુજરાત ભાજપની વાસ્તવિકતાનો ચિતાર રજુ કરી દીધો

અને ભાજપના સમર્પીત કાર્યકર્તાઓના સામાન્ય અભિપ્રાય અનુસાર ગુજરાતમાં ભાજપનું શાષન અધિકારી કેન્દ્રિત છે અને કોંગ્રેસનું શાષન કાર્યકર્તા કેન્દ્રિત હતું. ભાજપ અને કોંગ્રેસના શાષનમાં ભ્રષ્ટ્રાચાર સંદર્ભે ફરક એ પડયો કે કોંગ્રેસના શાષનમાં શેરીઓમાં થતો ભ્રષ્ટ્રાચાર હવે કચેરીઓમાં થવા લાગ્યો છે.

એ કહેવું પ્રમાણિકતાની સૌથી વધારે નજીક છે કે સને ૧૯૯૫ની વિધાનસભા ચુંટણીમાં અપાયેલા ભાજપના પ્રસિપ્રધ અને ક્રાંતિકારી એવા ભય, ભુખ અને ભ્રષ્ટ્રાચાર મીટાવવાના ચુંટણી વચન સાથે ભાજપનું અઠયાવીસ વર્ષનું શાષન સંપુર્ણ સુસંગત રહ્યું નથી. તેને સંપુર્ણ સુસંગત એટલે ન કહી શકાય કે ભાજપે આપેલા ત્રણ ચુંટણી વચનો પૈકી ભુખ'ને સંપુર્ણ દુર કરી છે જયારે ગામડે ગામડે ત્રાસ આપતા મોટાભાગના ગુંડા તત્વનો ભય દુર કરી બીજૂ વચન પુરૂ થવાની તૈયારીમાં છે અને ભ્રષ્ટ્રાચારના બુદિનું અપાયેલ ત્રીજુ વચન પુરૂ કરવાનું હજી બાકી છે.

**ભાજપમાં આવેલું સાંસ્કૃતિક પરિવર્તનઃ** જેમ પ્રત્યેક સમાજ, પ્રદેશ કે દેશની પોતાની એક અલગ સંસ્કૃતિ હોય છે તેમ પ્રત્યેક રાજયના રાજકિય પક્ષોના કાર્યકરોની ચાલ, ચરિત્ર, નૈતિકતા, કાર્ય, કાર્ય પપ્રધતી, વ્યવહાર, તામ–જામ, શો બાજી અને વફાદારીની પણ એક અલગ સંસ્કૃતિ હોય છે. એક સમયે ભાજપના કાર્યકરો ગર્વથી કહેતા કે અમારો પક્ષ અન્ય પક્ષોથી અલગ છે. રાજકિય વિચારધારા ઉપરાંત રાજકિય સંસ્કારથી પણ અન્ય પક્ષોથી ભાજપ અલગ છે એવું જે તે સમયે ભાજપ માટે કહેવાતું હતું. એટલે જ પક્ષનો કોઈ કાર્યકર્તા ભાજપના મુળભુત સાંસ્કૃતિક સંસ્કારથી જયારે વિપરીત વાત, કાર્ય કે કાવાદાવા કરે ત્યારે ભાજપનો સમર્પીત કાર્યકર્તા એવા કાર્યકર્તાથી એવું કહીને દુર થઈ જતો કે તેની સાથે કયારેય ન રહેવાય એ તો કોંગ્રેસી સંસ્કારનો છે અથવા કોંગ્રેસી કલ્ચરનો છે.

મુળભુત ભારતીય સાંસ્કૃતિક સંસ્કાર સાથે ભાજપને જન્મજાત સબંધ હોવાથી જ પક્ષના પાંચ આધારભુત વૈચારીક પિલ્લર પૈકીનો એક પિલ્લર સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો રાખવામાં આવ્યો છે. ભાજપના વૈચારિક અને કાર્ય પધ્ધતીના સાંસ્કૃતિક સંસ્કારો જેવા કે જે કહ્યું તે જ કરવું, કહેણી અને કરણીમાં એક વાકયતા રાખવી, હું નહી તું ની ભાવના રાખવી, મારાની નહી સારાની પસંદગી કરવી, રાષ્ટ્રને પહેલી પસંદગી આપવી, ચારીત્ર શુધ્ધ રાખવું, સરકાર કે સંગઠનમાં કામ કર્યુ હોય એટલું જ કહેવું, કરેલા કામનું વાસ્તવિક રિપોર્ટીંગ કરવું, કોઈની ખુશામત ન કરવી અને કોઈની ખુશામતથી પ્રભાવિત પણ ન થવું, કોઈ ચોક્કસ નેતાને નહી પ્રજાને ખુશ રાખવાનો અભિગમ રાખવો, કોઈ નેતાની નહી પ્રજાની જ છાળ પકડવી, કાગળ પર નહી ભુમીગત કામ કરવાનો અભિગમ રાખવો, સાદગી રાખવી, સરકીટ હાઉસ કે રેષ્ટ હાઉસમાં નહી પ્રજા વચ્ચે રહેવાનો અભિગમ રાખવો, સખત મહેનત કરવી, પ્રચારનાં ભુંગળાને નહી કામને જ બોલવા દેવું, પૈસાને નહી પ્રજાને જ પરમેશ્વર સમજવી, પોતાની હાજરી માત્ર પ્રચાર મીડિયાના બદલે પ્રજા વચ્ચે જ રાખવી, ટુંકા નહી લાંબા રસ્તાની પસંદગી કરવી, શો બાજી ન કરવી, સાચું સાંભળવાની અદભુત ક્ષમતા કેળવવી અને વિચારધારાને સમર્પિત હોય તેવા કાર્યકરો નિર્માણ કરવાનો લાંબો રસ્તો અપનાવવાનાં ગુણો કાર્યકરો અને નેતાઓમાં હોવા એ ભાજપના મુળભુત સાંસ્કૃતિક સંસ્કારો હતા.

ભાજપના ઉપરોકત સાંસ્કૃતિક લક્ષણો અવાસ્તવિક કે હવાઈ કિલ્લા જેવા નહી પરંતુ પક્ષના એક સમયના નેતાઓ અને કાર્યકરોમાં એ એવરેજ વાસ્તવિક હતા. ઉદાહરણ તરીકે ગુજરાત જનસંઘના પાયાના પથ્થર એવા વસંત ગજેન્દ્ર ગડકરને જનસંઘ તરફથી પક્ષના કામ માટે અપાયેલા સ્કુટર પાછળ જો તેઓની પત્નિને પણ તેઓ બેસાડતા તો પોતાની પત્ની પાસેથી ભાડુ વસુલ કરી પક્ષમાં જમા કરાવતા હતા. હવે જયારે સત્તા અને સંપત્તિ કેન્દ્રિત રાજનીતિનો નવો અભિગમ શરૂ થયો છે ત્યારે ઉપરોકત પૈકી મોટાભાગના મુલ્યોની ભાજપમાં ગેરહાજરી દેખાઈ રહી છે.

ગુજરાતના હિત ચીંતકોને ભાજપના મુળભુત સાંસ્કૃતિક મુલ્યોનું હનન થવાથી ચીંતા થાય તે સ્વભાવિક છે, પરંતુ જેની કયારેય કલ્પના પણ ન કરી શકાય એવા યુ.પી, બિહાર અને મહારાષ્ટ્ર જેવા રાજકિય સંસ્કારના કેટલાક વિકૃત લક્ષણોના દર્શન જયારે ગુજરાત જેવા મહાજની રાજયમાં થવા લાગે ત્યારે ચીંતા વધારે થાય તે સ્વાભાવિક છે. ચીંતા એ



વાતની કે ભાજપના રાજમાં ગુજરાત કયા સાંસ્કૃતિક માર્ગે જઈ રહ્યું છે ? ગુજરાત ભાજપમાં ઝડપી ગતીએ થતું આ કદરૂપ વિકૃત રાજકિય પરિવર્તન સ્વાભાવિક રીતે જ અસહય છે.

યુ.પી, બિહાર અને મહારાષ્ટ્ર જેવી કદરૂપી રાજકિય સંસ્કૃતિના કેટલાક લક્ષણો ગુજરાત ભાજપમાં દેખાઈ રહ્યા છે તેની થોડી ઝલક જોઈએ તો, વિચારધારા આધારિત નવા કાર્યકરો નિર્માણ કરવાનો લાંબો રસ્તો અપનાવવાને બદલે જેવા મળે તેવા અને જયાંથી મળે ત્યાંથી રેડિમેઈડ લોકોની (કાર્યકર્તા નહી) ભરતી કરવાનો આત્મઘાતી ટુંકો રસ્તો અપનાવવો, નેતાઓના તામઝામ ભર્યા પ્રદર્શનો થવા, પ્રચારના મોટા મોટા હોર્ડિંગ્સ લગાવવા, પોતાની પ્રસિધ્ધી માટે પ્રેસ–મીડિયામાં જાહેરાતો પ્રસિધ્ધ કરાવવી, ભય બિન પ્રીત નહીની નીતિ અપનાવવી, લોકોમાં ભય ઉભો કરવો, ચુંટણીમાં અઢળક ખર્ચાઓ કરવા, જરૂર ન હોવા છતાં બંધુકધારી સિકયુરીટી ગાર્ડને પડછાયાની જેમ સાથે ને સાથે જ રાખવા, ખુશામતખોરોને પ્રોત્સાહન મળવું, જી–હજુરી ગમવા લાગવી, સાચું સાંભળવાની ક્ષમતા ગુમાવવી, પ્રજા વચ્ચે હાજરી ઓછી રહેવી, સેવાને સ્થાને સત્તાની રાજનીતિમાં વધારે સમય આપવો, ખુશામતનો ટુંકો રસ્તો અપનાવવો, બાહ્ય સૌંદર્યનું મહત્વ વધારવું, કામથી નહીં દામથી લોકોને પ્રભાવિત કરવા, કિન્નાખોરીની નીતિ અપનાવી, પોતાની પ્રતિષ્ઠાને પદ, સાધનો અને સુવિધાઓ સાથે જોડવી, પ્રેસ મીડિયામાં જ હાજરી હોવી, કામના પ્રમાણમાં પ્રચાર વધારે કરવો, ભેટો, સોગદો અને સુવિધાઓ આપી અન્યને પ્રભાવિત કરવા વગેરે પ્રકારના કદરૂપા રાજકિય વિકૃત લક્ષણો આ પહેલા ગુજરાતમાં કયારેય ન હતા જેના હવે આપણે ત્યાં દર્શન થવા લાગ્યા છે.

મહાજની પરંપરાથી ઘડાયેલ સંસ્કારી રાજય ગુજરાતમાં પ્રવેશેલ આ કદરૂપી રાજકિય સંસ્કૃતિ આજે ભલે સામાન્ય લાગતી હોય પરંતુ જન્મજાત સંસ્કારી એવી ગુજરાતી પ્રજા માટે આ કદરૂપી સંસ્કૃતિ આવતા દિવસોમાં કેટલું ખતરનાક સ્વરૂપ લેશે તેની કલ્પના અને ચીંતા કોઈએ કરી છે ખરી ? ગુજરાતની શાણી, સમજદાર, સરળ, સાદી, સંસ્કારી અને વ્યાપારી જનતા ગુજરાત ભાજપ અને તેમાંએ ગુજરાતના પનોતા પુત્ર એવા દેશના પ્રધાનમંત્રી પાસે જયારે સારા ભવિષ્યની આશા લઈને બેઠા છે ત્યારે ગુજરાતના તમામ લોકોએ અને ભાજપના સમર્પિત કાર્યકરોએ ગુજરાતમાં પ્રવેશેલ આ કદરૂપી વિકૃત રાજકિય સંસ્કૃતિને રોકવી જ પડશે.

ભાજપની મુળ વિચારધારાને સમર્પિત એવા પાયાના કાર્યકરોએ ભાજપને સિંચવા માટે આપેલ બલિદાન અને કરેલા સંઘર્ષની કહાની ભલભલાના રૂંવાડા ઊભા કરી દે એવી છે. ભયંકર આર્થિક મુશ્કેલી, સાધનોનો અભાવ, સમાજને તિરસ્કાર, પોતાના કુમળા બરડા પર પડતો પોલીસની લાઠીઓનો માર, શરીરના કોઈપણ અંગ ઉપર થતા ગોળીબાર, પ્રજા કાજે વારંવાર થતો જેલવાસ વગેરે જેવી વિકટ સ્થિતી હોવા છતાં વિચારધારાને સમર્પિત એવા ભાજપના આ પુષ્પાઓ સત્તા, સંપત્તીની લાલચ, સરકાર કે ગુંડાઓની ધમકી સામે ક્યારેય ઝુકયા નથી. ઝુકેગા નહી સાલા' આ ફિલ્મી ડાયલોગ તો હજી હમણા આવ્યો ભાજપના સમર્પિતજુના કાર્યકરો તો એ જીવી ગયા છે. માત્ર જીવી જ નથી ગયા, આ સંસ્કાર પોતાના લોહી સાથે ભેળવીને જીવ્યા છે. એટલે જ તેઓ ગર્વથી કહી શકતા કે 'મારા શરીરના કોઈપણ અંગને ગમે ત્યાંથી કાપો કમળ જ નિકળશે.' આજે ભાજપમાં દાખલ કરાયેલા રેડીમેઈડ નવા લોકોને કાપીએ તો શું નિકળે તે તો તેઓ જ જાણે? ભાજપમાં હોવું અને ભાજપના હોવું એ બન્ને વચ્ચે બહુ મોટો ફર્ક છે.

તો હવે જનસંઘ અને ભાજપના પાયામાં ધરબાયેલા આ હુતાત્માંઓને યાદ કરી સને ૧૯૯૫ બાદ થયેલ ગુજરાત વિધાનસભા ચુંટણીઓમાં ભાજપના કાર્યકરોએ કરેલ સંઘર્ષભરી

### ભાજપના જુના કાર્યકરો અને આગેવાનોની વેદનાને પણ વાચા આપતો પત્ર

કામગીરી અને તેઓએ અનુભવેલ માનસિક સંઘર્ષને થોડો યાદ કરીએ.

સાચી નિષ્ઠાવાળા સમર્પિત રાજકિય કાર્યકરોની ખરી કસોટી તો સમયે સમયે આવતી જે તે ચુંટણીઓ દરમ્યાન જ થતી હોય છે. જે તે રાજકિય પક્ષના એવા તકવાદી લોકો (કાર્યકર નહી) કે જેવો પક્ષ, પ્રજા કે વિચારધારા સમર્પિત નહી પરંતુ કોઈ ખાસ વ્યક્તિ કે વ્યકિગત સ્વાર્થને જ સમર્પિત હોય તેવા લોકો તો બદલાતી રાજકિય હવા મુજબ પોતાનો રંગ, ઢંગ અને સઢ બદલતા જ રહેતા હોય છે. આવા સ્વાર્થી લોકો વિચારધારા સમર્પિત કાર્યકરની શ્રેણીમાં ન આવતા 'કરૂની શ્રેણીમાં આવે છે. આવા કરૂઓને ન કોઈ પક્ષ હોય કે ન કોઈ વિપક્ષ હોય ઉપરાંત તેવોને ન નિયમ હોય, ન નિષ્ઠા હોય, ન વિચારધારા હોય કે ન શરમ જેવો છાંટો હોય, તેઓ તો માત્ર કોઈનું કરી નાખનારા 'કરૂ' ઓ જ હોય છે. આપણે હવે સત્તાની દિશામાં ગમે ત્યારે લટી જતા બેઠક વગરના લોટા જેવા સ્વાર્થી અને તકવાદી કરૂઓને નહી પરંતુ ભાજપના એવા નિષ્ઠાવાળા અને સમર્પિત કાર્યકરો કે જેઓએ સન ૧૯૯૫થી આજ સુધીની તમામ વિધાનસભા ચુંટણીઓમાં સમયે સમયે પરિસ્થિતી પ્રમાણે પોતાના ઝનુન, લગાવ, અલગાવ કે સુખ–દુઃખની વચ્ચે કરેલ ભેખધારી કામગીરીને જ યાદ કરવાની છે.

**સને ૧૯૯૦ વિધાનસભા ચુંટણી :** આઝાદી પછી તેંતાલીસ વર્ષોના મગજ અને શરીરતોડ સંઘર્ષ પછી ગુજરાત ભાજપ માટે આશાનું કિરણ ફુટયું સને ૧૯૯૦ વિધાનસભા ચુંટણીના પરિણામથી. આ સમયે ભાજપમાં સ્વાર્થી અને તકવાદી 'કરૂઓ' દિવો લઈને શોધીએ તો પણ મળતા ન હતા. સમર્પિત યુવા કાર્યકરોની એવી ફોઝ કે તેઓને પૈસા, પદ, પ્રતિષ્ઠા કે પ્રસિપ્રધીની કોઈ લાલસા જ નહી. એ સમયે ભાજપના એવા કેટલાયે યુવા ક્રાંતિકારી કાર્યકરો હતા કે તેના પિતા કે પરિવાર કોંગ્રેસમાં હોય અને પોતે નિષ્ઠાથી ભાજપમાં કામ કરતા હોય. એ સમયે ભાજપની એક મજબુત તાકાત મગજ ફરેલા અને વિચાર ભરેલા ઉપરાંત ફના થવાની તૈયારી વાળા વિશ્વ હિન્દુ પરીષદ અને ભારતીય કિસાન સંઘના કાર્યકરો પણહતા. શ્રી રામની વાનર સેનાના સભ્ય જેવા જ આ કાર્યકરોની સમર્પિત મહેનત અને એવા જ સમર્પિત નેતાઓના યોગ્ય માર્ગદર્શનના કારણે ચીમનભાઈ પટેલના જનતા દળ સાથેના જોડાણમાં પહેલો સંયુક્ત વિધાનસભા વિજય ભાજપે મેળવ્યો. આ સમયે કાર્યકરોમાં ભાજપની વિચારધારા પ્રત્યે એટલો લગાવ હતો કે જાણે ભાઈ બહેનના સબંધનો લગાવ જોઈ લો !

**સને ૧૯૯૫ વિધાન સભા ચુંટણી :** આવા આદર્શ ઘેલા અને સમર્પિત ભાજપી યુવા કાર્યકરોએ પહેલો દિગ્વિજય કર્યો સને ૧૯૯૫ની વિધાનસભા ચુંટણીમાં. ભાજપનું એકજુટ નેતૃત્વ અને સમર્પિત કાર્યકરોની ફોજે કોંગ્રેસી શાષનમાં વ્યાપેલા ભય, ભુખ અને ભ્રષ્ટ્રાચાર દુર કરવાના આપેલા વચન પર વિશ્વાસ રાખી ગુજરાતની જનતાએ આઝાદી પછી પહેલી વાર ભાજપને સ્પષ્ટ બહુમતીથી સત્તા સોંપી. ભાજપ પ્રત્યે ભાજપના કાર્યકરોનો લગાવ અને સમર્પણ આ સમયે પણ સાતમાં આસમાને અડતો હતો. તેઓમાં સત્તા કે સંપત્તી પ્રાપ્ત કરવાના કે તામજામ કે અલગાવના દર્શન કયાંય થતા ન હતા. તેઓમાં એકમાત્ર દર્શન થતા હતા 'ભારત માતા'ને પરમ વૈભવના સ્થાને બેસાડવાની ભાવનાના.

**સને ૧૯૯૮ વિધાન સભા ચુંટણી :** ભાજપના સમર્પિત કાર્યકરોના અરમાનોનો ભાંગીને ભુક્કો ત્યારે થયો કે જયારે ભાજપના જ અમુક નેતાઓએ સત્તા માટે ભાજપનેબે ફાડીયામાં વેતરી નાખ્યો. જો વાસ્તવિક વાત કરીએ તો એ વેતરેલા ફાડિયા ભાજપના નહી ભાજપના સમર્પિત કાર્યકરોના અરમાનોનાં હતાં. ભાજપના વિભાજ નથી ઘવાયેલા સિંહ જેવા આ સમર્પિત કાર્યકરોએ એકજૂટ બની આ વિભાજક પરિબળો સાથે બદલો લીધો સને ૧૯૯૮માં થયેલ વિધાનસભા ચુંટણીમાં. કેશુભાઈ પટેલના નેતૃત્વમાં લડાયેલ આ ચુંટણીમાં રાત–દિવસ જોયા વગર વાસ્તવિક ધરતી પર ઉભેલા આ સમર્પિત અને નિઃસ્વાર્થી કાર્યકરોએ એટલા જનુનથી કાર્ય કર્યુ કે ભાજપને પુર્ણ બહુમતીથી ફરીવાર સત્તા પર બેસાડી. આ સમયે પણ ભાજપના કાર્યકરોમાં ભાજપ પ્રત્યે કોઈ અલગાવ ન હતો.

**સને ૨૦૦૦ પંચાયતો ની ચુંટણી :** ગુજરાતની રાજનીતિમાં ઐતિહાસીક બદલાવ આવ્યો સને ૨૦૦૦માં યોજાયેલ રાજયવ્યાપી પંચાયતોની અને ત્યાર પછીની રાજય વિધાનસભા પેટાચુંટણીમાં આવેલા ભાજપ વિરૂધ્ધ પરિણામોથી. બન્ને ચુંટણીમાં ભાજપને મળેલા પરાજયના કારણે શ્રી કેશુભાઈ પટેલના સ્થાને નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી બનતા ભાજપના કાર્યકરો અને નેતાઓ જુથવાદમાં વહેંચાય ગયા. પક્ષમાં આંતરીક જૂથવાદની આ પરિસ્થિતીમાં ગોધરામાં ઘટેલ અમાનવિય ઘટનાએ ગુજરાતના રાજકારણની સાથોસાથ સમાજ કારણની પણ સિકલ બદલી નાખી.

**સને ૨૦૦૨ વિધાન સભાચુંટણી :** ગોધરાની ઘટનાથી રાજયમાં ઉભા થયેલા તનાવ ભર્યા માહોલ વચ્ચે સને ૨૦૦૨માં યોજાયેલ વિધાનસભા ચુંટણીમાં ગુજરાતની જનતાએ ભાજપને આપેલા પેટ ભરીને આશીર્વાદ છતાં પક્ષમાં વ્યાપેલ આંતરીક જુથવાદનો માહોલ સુધરવાને બદલે વધારે બગડયો. પક્ષના બગડેલા આ માહોલમાં કાર્યકરોનું આંતરીક વિભાજન થતા એક બાજુ વિશ્વ હિન્દુ પરીષદ અને કિસાન સંઘના કાર્યકરોની સાથે જોડાયેલા ભાજપના થોડા કાર્યકરો અને બીજી બાજુ ભાજપના બાકીના બધા જ કાર્યકરો સામસામે આવી જતા ભાજપનો આંતરિક માહોલ વધારે ડહોળાયો. વિચારલક્ષી નહી પરંતુ વ્યક્લિક્ષી એવા આ ડહોળાયેલા વાતાવરણમાં સને ૨૦૦૭ની વિધાનસભા ચુંટણીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસલક્ષી નેતૃત્વને ગુજરાતની જનતાએ બહુમતીથી ફરીવાર આશીર્વાદ આપ્યા.

**સને ૨૦૦૭ વિધાન સભા ચુંટણી પછીઃ** લાગતું તો એવું હતું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપને મળેલા બહુમતી આશીર્વાદથી ભાજપમાં પ્રવેશેલ આંતરિક જૂથવાદ શાંત થઈ જશે પરંતુ એવું બન્યું નહી. સને ૨૦૦૭ પછી વિશ્વ હિન્દુ પરીષદ અને કિસાન સંઘના કાર્યકરોનો બાહ્ય વિરોધ તો શાંત પડયો પરંતુ ભાજપના અમુક શુભેચ્છકો, નેતાઓ અને કાર્યકરોનો જૂથવાદ તો ચાલુ જ રહ્યો. ભાજપમાં ચાલતો આ જુથવાદ સાંસ્કૃતિકસંસ્કાર કે કાર્યપપ્રધતીનો એટલે ન હતો કે તે સમયે ભાજપમાં કોંગ્રેસી અને યુ.પી–બિહાર જેવા રાજકિય સંસ્કાર દાખલ થયા ન હતા. જૂથવાદના અંતિમ પરિણામ રૂપ સને ૨૦૧૨ની વિધાનસભા ચુંટણી પહેલા ભાજપમાં નાનકડું વિભાજન થતા હવે શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ એકજુટ થયો. આ સમયે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર દેશમાં ગુજરાતના આર્થિક વિકાસનું સફળ મોડલ સિપ્રધ કરતા સને ૨૦૧૨ વિધાનસભા ચુંટણીમાં ગુજરાતની જનતાએ ભાજપને બહુમતીથી પાંચમીવાર આશીર્વાદ આપ્યા.

**સને ૨૦૧૨ વિધાન સભા ચુંટણી પછી :** સને ૨૦૧૨ પછી દેશની રાજનીતિમાં આવેલા ઝડપી પરિવર્તનના પરિપાક રૂપે સને ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં લડાયેલ લોકસભા ચુંટણીમાં ભાજપને પહેલી વખત દેશની જનતાએ બહુમતીથી આશીર્વાદ આપ્યા. નરેન્દ્રભાઈ દેશના વડાપ્રધાન બનતા ગુજરાત ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ અને અપેક્ષા સાતમાં આસમાને ઉડવા લાગે તે સ્વાભાવિક છે. ગુજરાત ભાજપના કાર્યકરો માટે આ સમય તમામ દૃષ્ટીકોણથી સુવર્ણમય રહ્યો. આવા સુવર્ણમય વાતાવરણમાં ગુજરાતનું નેતૃત્વ સંભાળનાર આનંદીબેન પટેલ સફળતા પુર્વક શાષન કરી રહ્યા હતા.

**સને ૨૦૧૫ પંચાયતો ની ચુંટણી :** ગુજરાતની આ સુવર્ણમય સ્થિતી વધારે સમય નરહેતા સને ૨૦૧૫માં ભડકાવેલા

પાટીદાર અનામત આંદોલને ભાજપના પક્ષનિષ્ઠ કાર્યકરોને પહેલી વાર હતપ્રત કરી દિધા. બગડેલા આ માહોલમાં સને ૧૯૯૫ પછી રાજયમાં એવું પહેલીવાર બન્યું કે સને ૨૦૧૫માં આવેલ સ્થાનિક પંચાયતોની ચુંટણીમાં ભાજપને અમુક વિસ્તારોમાં ઉમેદવારો મેળવવામાં પણ પરસેવો પડી ગયો. આ પરથી એ સ્પષ્ટ થાય કે સ્થિતી કેટલી વિકટ હશે ? આ વિકટ સ્થિતીમાં પંચાયતોની ચૂંટણીમાં ભાજપને મળેલા રાજય વ્યાપી પરાજય અને અન્ય આંતરિક કારણોથી રાજયમાં નેતૃત્વ પરિવર્તન થતા આનંદીબેનના સ્થાનેવિજયભાઈ રૂપાણીએ ગુજરાતનું શાષન સંભાળ્યું.

રાજયમાં કથળેલ રાજકિય અને સામાજીક સ્થિતીથી ભાજપના કાર્યકરો, નેતાઓ અને કેન્દ્રિય નેતૃત્વનો આત્મવિાસ ડગમગવાના કારણે ભાજપની મુળ વિચારધારા, મુળ નૈતિક મુલ્યો, મુળ સાંસ્કૃતિક વારસો, મુળ કાર્ય પધ્ધતી વગેરે બધું જ ભુલી કોઈપણ આભડછેટ વગર ભાજપમાં પ્રવેશના બધા

### ભાજપમાં ચાલતા મુડીવાદ સહિતના દુષણને ઉજાગર કર્યુ

માટે દરવાજા ખુલ્લા મુકવામાં આવ્યા. એટલું જ નહી પદ સહિત અન્ય કિંમતી લાલચો આપી અમુક વિપક્ષી નેતાઓને સામેથી આમંત્રિત કરી વાજતે ગાજતે ભાજપમાં પ્રવેશ પણ આપ્યો. આ સમય ગુજરાત ભાજપના સંસ્કાર માટે સને ૧૯૯૫ પછીનો સેથી કઠિન હતો કારણ કે ભેળસેળીયા સંસ્કારી વાતાવરણના કારણે ભાજપના મુળ કાર્યકરો અને નેતાઓનો આત્મ વિશ્વાસ ખાબકીને પાતાળમાં પડયો હતો.

**સને ૨૦૧૭ વિધાન સભા ચુંટણી :** આવા આત્મ વિશ્વાસના સંપુર્ણ અભાવમાં સને ૨૦૧૭માં લડાયેલ વિધાનસભા ચુંટણીમાં પક્ષના મરણિયા કાર્યકરોએ સામા પુરે તરી જે જનુન પુર્વક કાર્ય કર્યુ તેના પરિણામે પરાજયના મોં માંથી પાછો ખેંચી પાતળી બહુમતી એ વિજયનો કોળીયો ભાજપના મોંમાં મુકયો. રાજકિય પંડિતોના મુલ્યાંકન પ્રમાણે સને ૧૯૯૫ પછી આજ સુધીના ઈતિહાસમાં ગુજરાતની સૌથી કઠીન ચુંટણી ભાજપ માટે આ હતી. એટલે જ સૌથી મહત્વનો ચુંટણી વિજય પણ આજ કહેવાય. સને ૨૦૧૭ની ચુંટણીમાં ભાજપના કાર્યકરોએ કરેલા શારીરિક અને માનસિક સંઘર્ષનું વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી.

સને ૨૦૧૭માં ભાજપની હાલક ડોલક નાવ પાર તો ઉતરી પરંતુ રાજયમાં આ સ્થિતી ફરીવાર ન આવે તે માટે હતપ્રત થયેલ ભાજપના કેન્દ્રિય નેતૃત્વએ ઝેરનું મારણ ઝેરની રણનીતિ અપનાવી. રણનીતિ અનુસાર પક્ષ, ચાલ, ચલગત, ચારિત્ર્ય, સંસ્કાર, નીતિ, નૈતિકતા, વિચારધારા, કાર્ય, કાર્ય પધ્ધતી કે કાંઈ પણ જોયા વગર પદની લાલચ ઉપરાંત અન્ય કિંમતી ખર્ચ કરી વિરોધી વિચારધારાવાળા લોકોની ભાજપમાં આડેધડ ભરતી શરૂ કરી. ભરતી પણ કેવી ? છૂટક નહી જથ્થાબંધ ! માત્ર ભરતી કરીને જ ન અટકતા અપાયેલા કિંમતી વચનો મુજબ જે આપવાનું હતુ તે બધું જ આપી ભાજપે આપેલ વચન નિભાવ્યું પણ ખરૂં. આવા દિશા અને વિચાર વિહિન ભેળસેળીયા વાતાવરણમાં વિજયભાઈ રૂપાણીના સ્થાને ભુપેન્દ્રભાઈ પટેલને રાજયનું શાષન સોંપવામાં આવ્યું.

આ સમયે સમર્પિત અને નિષ્ઠાવાન એવા મુળ ભાજપી કાર્યકરો માટે અસમંજસનું વાતાવરણ એ બન્યું કે એકબાજુ કાગળ પર કહેવાતું એ હતું કે સંગઠનની દ્રષ્ટીએ માત્ર બુથ કક્ષાએ જ નહી પરંતુ મતદાર યાદીના પ્રત્યેક પેઈઝ કક્ષાએ ભાજપ રાજય વ્યાપી એટલો મજબુત બન્યો છે કે તેને હરાવવાની કોઈની તાકાત જ નથી. જયારે બીજી બાજુ આંતરીક ડરને કારણે એજ ભાજપે નીતિ વિહિન એવો મોટો ભરતી મેળો શરૂ કર્યો કે જેનાથી પક્ષની વિચારધારાને સમર્પિત અને નિષ્ઠાવાન કાર્યકરો હતપ્રત બની માનસિક રીતે પક્ષની કામગીરીથી સુષુપ્ત થઈ ગયા. પક્ષમાં જે કાંઈ બની રહ્યું હતુ તે ભાજપના સમર્પિત કાર્યકરો માટે કલ્પના બહારનું તો હતું જ ઉપરાંત તેઓ માટે તે આઘાત જનક પણ એટલું જ હતું.

**સને ૨૦૨૨ વિધાનસભા ચુંટણી :** વિચારધારાને સમર્પિત એવા ભાજપના પાયાના કાર્યકર્તાઓને લાગેલા આ આઘાતથી તેઓમાં પક્ષ પ્રત્યે ઉભા થયેલા અલગાવનું પરિણામ એ આવ્યું કે સને ૨૦૨૨માં વિધાનસભા ચુંટણીમાં થયેલા ત્રીપાંખીયા મજબુત ચુંટણી જંગમાં પક્ષના સમર્પિત એવા જનુની કાર્યકરો ઉદાસ રહેતા સને ૨૦૧૭ના બે પાંખીયા ચુંટણી જંગમાં થયેલ મતદાન કરતા સને ૨૦૨૨માં છ ટકા મતદાન ઓછુ થયું. રાજયમાં થયેલો મજબુત ત્રીપાંખીયો ચુંટણી જંગ અને પેઈઝ કક્ષાએ મજબુત થયેલા સંગઠનના કારણે ખરેખર તો સને ૨૦૧૭ના પ્રમાણમાં સને ૨૦૨૨માં મતદાન ઘણું વધારે થવું જોઈતું હતું તે ન થતા જમીની કાર્યકરોની પક્ષ પ્રત્યે ઉભી થયેલ ઘોર ઉદાસિનતાના કારણે ઉલ્ટાનું ઓછુ મતદાન થયું. એ વાત અલગ છે કે થયેલા મજબુત ત્રીપાંખીયાં ચુંટણી જંગના કારણે ભાજપ વિરોધી મતોનું ઈતિહાસમાં પહેલીવાર કલ્પના બહારનું મોટું વિભાજન થતા તેનો સિધો લાભ ભાજપને મળતા ગુજરાતના ઈતિહાસમાં કોઈપણ રાજકિય પક્ષને કયારેય ન મળી હોય તેટલી ઐતિહાસીક સિટો ભાજપને આપોઆપ મળી. આપોઆપ મળેલા આવા ભવ્ય પરિણામ માટે ભાજપે આમ આદમી પાર્ટીનો થોડો આભાર તો માનવો જ જોઈએ ?

સને ૨૦૨૨ પછી સમર્પિત એવા ભાજપના મુળ કાર્યકરોની સ્થિતી એ બની કે પક્ષના બદલાયેલા આ કદરૂપા રાજકિય કલ્ચરના કારણે અત્યંત દુઃખી હોવા છતાં કોઈનામાં સાચું કહેવાની કે બોલવાની હિંમત જ ન રહી અથવા સાચી રજુઆતના પરિણામની અપેક્ષા જ ન રહી. વિચારધારાને સમર્પિતએવા ભાજપના મુળ કાર્યકર્તાઓને દુઃખ એ વાતનું નથી કે પોતાને બદલે બહારથી આવેલા કોઈને સત્તા મળી, તેઓને દુઃખ એ વાતનું છે કે જેઓને સત્તા આપવામાં આવી છે તેમાંથી અમુકને તો ભાજપના સાંસ્કૃતિક સંસ્કાર સાથે કોઈ સબંધ જ નથી. ભાજપના કાર્યકરોને હવે ચિંતા એ પણ છે કે આ લોકો ભાજપ અને રાજયને કઈ સાંસ્કૃતિક વિરાસત આપશે ? પક્ષ અને રાજયના મહાજની સાંસ્કૃતિક સંસ્કાર જોઈએ તો ભાજપના કાર્યકરોની ચિંતા વ્યાજબી પણ છે. ચિંતા વ્યાજબી એટલે છે કે વ્યાપારી અને સરળ સાંસ્કૃતિક વિરાસતવાળુ ગુજરાત યુ.પી અને બિહાર જેવું તામજામવાળું, શોબાજ અને પ્રદર્શનપ્રેમી રાજકિય સંસ્કૃતિવાળુ રાજય બને તે ભાજપના પાયાના કાર્યકરો અને ગુજરાતની સરળ જનતા કઈ રીતે સહન કરી શકે ? આ પહેલા ભાજપના નેતાઓ પોકારી પોકારીને એવું કહેતા હતા કે કોંગ્રેસ હવે સરદાર, નહેરૂ કે ગાંધીની નહી પરંતુ ગુંડાઓ, શોબાજો, કરૂઓ અને ભ્રષ્ટ્રાચારીઓની જ પાર્ટી રહી છે તો આજની સ્થિતીએ ભાજપ માટે અન્ય કોઈ તો ઠીક આપણે શું કહેશું?

રાજયમાં ભાજપની અઠયાવિસ વર્ષની આ સફળતા પછી કોઈને પણ થાય કે ભાજપનો મુળ કાર્યકર્તા આ સફળતા જોયા પછી સંતોષની લાગણી અનુભવતો હશે ? નરેન્દ્રભાઈ મોદી દસ વર્ષ દેશમાં અને તે પહેલા તેર વર્ષ ગુજરાતમાં કરેલ આર્થિક વિકાસની સફળ કામગીરીને કારણે ભાજપનો મુળ કાર્યકર સંતોષ તો જરૂર અનુભવે પરંતુ ભારતીય જનતા પક્ષનું મુળ કલ્ચર નષ્ટ પામ્યું તેનો ભારોભાર વિષાદ કે અલગાવ પણ તે અનુભવે જ !

છેલ્લા થોડા વર્ષોથી ભાજપમાં પ્રવેશેલ સત્તા અને શક્તિકેન્દ્રિત એવી યુપી, બિહાર અને મહારાષ્ટ્ર ટાઈપની આ કદરૂપી રાજકિય સંસ્કૃતિએ ભાજપના સમર્પિત એવા સંસ્કારી કાર્યકરોની સાથોસાથ તેના લાખો શુભેચ્છકોને પણ હતાશ કર્યા છે. આ તો સારૂ છે કે નરેન્દ્રભાઈના કારણે ગુજરાત અત્યારે પોલિટીકલ વિકલ્પ વિહીન બન્યું છે નહિતર ગુજરાતની રાજકિય સ્થિતીમાં કાંઈ પણ બદલાવ આવી શકે તેવી સ્થિતી આજે બની છે.

અંગ્રેજ વિદ્વાન લોર્ડ મેકોલોએ સાચું જ કહ્યું હતું કે ભારતની રાષ્ટ્રીયતાને જો કાયમી ખતમ કરવી હોય તો લાવ લશ્કરથી ખતમ નહી થાય તેની સમગ્ર સંસ્કૃતિને જો ખતમ કરીશું તો ભારત આપોઆપ ખતમ થઈ જશે. જે સિધ્ધાંત રાષ્ટ્રને લાગુ પડે, તે સિધ્ધાંત ભાજપને પણ એટલો જ લાગુ પડે તે હકિકત છે. આ સિધાન્ત અનુસાર કોંગ્રેસના શા હાલ થયા એ આપણે કયાં નથી જાણતા ? કોંગ્રેસને ખતમ તેના ખતમ થયેલા ગાંધિયન કલ્ચરે જ કરી છે. બાકી એક દિવસ કોંગ્રેસનો સુરજ મપ્રયાને તપતો જહતો ને ?

એ યાદ રાખવું જોઈએ કે, સુગંધ તો વાસ્તવિક ફુલોમાંથી જ આવે કાગળના ફુલોમાંથી નહી, પછી ભલેને કાગળના એ ફુલો દેખાવમાં ગમે તેટલા સુંદર કે તામજામથી સજાવેલા કેમ ન હોય અથવા જથ્થામાં તે ઢગલાબંધ કેમ ન હોય? પક્ષના સભ્યો વધવાના કારણો અનેક હોય શકે છે? જેમાં સરકારની સારી કામગીરી, સ્થાનિક કાર્યકરોની સારી કામગીરી, યોગ્ય વિચારધારા, સત્તા, સ્વાર્થ, વ્યક્તિની ભકિત, દબાણ, શરમ, સમજણ, આકર્ષણ કે વાસ્તવિકતાના બદલે માત્ર કાગળ પર નોંધાતા સભ્યો પણ હોય શકે છે. પક્ષના સભ્યો જો સ્વેચ્છાએ નોંધાયેલા હોય તો તે સ્થિતી અત્યંત સારી કહેવાય પરંતુ સભ્યો માત્ર કાગળ પર કૃત્રિમ રીતે જ જો નોંધાયેલા હોય તો તે સ્થિતી પક્ષના ભવિષ્ય માટે સારી કહી શકાય નહીં. એ પણ યાદ રાખવું જોઈએ કે સાંસ્કૃતિક સદ્ચારિત્ર્ય ગુમાવીને મેળવેલા વિજયનું મુલ્ય બહુ હોતું નથી. પછી ભલેને કહેવાતું હોય કે ' જો જીતા વહી સિકંદર', સમય જતા આવા સિકંદરો પક્ષ અને રાજયને ખુબ મોંઘા પડતા હોય છે. એટલે જ ગુજરાતની મહાજની સાંસ્કૃતિક જનતા ભાજપ પાસે ગુજરાતને અનુરૂપ તિકડમથી મુકત એવું રાજકિય સદ્ચારિત્ર્ય જાળવવાની અપેક્ષા રાખે તે સ્વભાવિક છે.

આભાર.

**પુર્વ મંત્રી**
**નાનુભાઈ વાનાણી**
**(૯૯૨૫૧ ૪૬૪૪૧)**

## ''એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ'' થીમ સાથે

# અમરેલી ખાતે મનોરમ્ય વાતાવરણમાં યોગ દિવસની ઉજવણી

માનવ કલ્યાણ માટે અનન્ય સંદેશ એટલે YOGA FOR ONE EARTH, ONE HEALTH

નાયબ દંડક કૌશિક વેકરિયા, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક સહિત સૌ કોઈ ઉજવણીમાં જોડાયા

ડ્રગ્સનાં દુષણને ડામવા ૨૬ જૂનનાં રોજ આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિનની ઉજવણી પોલીસ દ્વારા કરાશે

રોજિંદા જીવનમાં ૧૦ ટકા ખાદ્યતેલનો ઉપયોગ ઘટાડવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશાખાપટ્ટનમથી કર્યું આહ્વાન



અમરેલી, તા. ૨૧

ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે, મનઃ પ્રશમનોપાયો યોગ યત્યભિધીયતે અર્થાત મનને પ્રસન્ન રાખવા માટે યોગ જરૂરી છે. 'યોગઃ કર્મસુ કૌશલમ' સૂત્રમાં કર્મયોગનું ચિંતન રજૂ થયું છે.

યોગ એ આપણી પ્રાચીન ઋષિ પરંપરાની અમૂલ્ય ભેટ છે. યોગ થકી શરીર અને આત્માનું જોડાણ શકય બને છે. આજે સમગ્ર વિમાં યોગ દિવસની ઉજવણી નિમિત્તે યોગાભ્યાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૧મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ' થીમ સાથે અમરેલી સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે મનોરમ્ય વાતાવરણમાં જિલ્લાકક્ષાની ઉજવણી સંપન્ન થઈ હતી.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં અનંત અનાદિ વડનગરના શર્મિષ્ઠા તળાવ પરિસર ખાતે ' આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી-કુંકાવાવ-વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ઘાસચારો, પાણીની સગવડતા વગર

# અમરેલીમાંથી ટ્રકમાં ક્રુરતાપૂર્વક ભરીને લઈ જવાતી ભેંશને બચાવી લેવાઈ

### તાલુકા પોલીસે રૂપિયા ૬.૪૦ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો

અમરેલી, તા. ૨૧

અમરેલીનાં ઘાંચીવાડમાં સતીમાતા રોડ ઉપર રહેતા યાસીરભાઈ હબીબભાઈ કાલવા નામના આરોપી ગત તા. ૨૦ના રોજ રાત્રે ૧૨ વાગ્યે અમરેલી નજીક આવેલ ટીંબા ગામ પાસે પોતાના હવાલા વાળા ટ્રક રજી. નં. જી.જે.-૧૪ ઝેડ-૩૪૫૫ માં ભેંસ નંગ ૮ (આઠ) કોઈપણ પ્રકારના ઘાસચારા અને પાણીની સગવડતા વગર ખીચો-ખીચ રીતે બાંધી (ગોંધી) રાખી નીકળતા અમરેલી તાલુકા પોલીસે ભેંસ ૮ કિંમત રૂપિયા ૨,૪૦,૦૦૦ તથા ટ્રક મળી કુલ રૂપિયા ૬,૪૦,૦૦૦ના મુદામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## રાજુલાનાં મસુંદડા ગામનો બનાવ

# ઝેરી દવાનો ખેતરમાં છંટકાવ કરી કપડા બદલ્યા વગર સુઈ જનાર વૃધ્ધનું મોત

### ઝેરી દવાની અસરથી મોત થયાનું બહાર આવ્યું

અમરેલી, તા. ૨૧

રાજુલા તાલુકાના મસુંદડા ગામે રહેતા નાગભાઈ અમરાભાઈ ઠાકરીયા નામના ૬૦ વર્ષિય વૃધ્ધ ખેડૂત ગત તા. ૧૪ના સવારે પોતાની વાડીએ શીંગમાં જંતુનાશક ઝેરી દવાનો છંટકાવ કર્યા પછી નાહ્યા ધોયા વગર ઝેરી દવાવાળા પહેરેલ કપડે સુઈ જતા વૃધ્ધ ખેડૂતને ઝેરી દવાની અસર થતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## જાફરાબાદનાં કડીયાળી ગામની ઘટના

# પત્ની સાથે ઘરકામ બાબતે માથાકૂટ થતાં પતિએ ઝેર પીધુ

### સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

અમરેલી, તા. ૨૧

જાફરાબાદ તાલુકાના કડીયાળી જુની શાળાની પાછળ રહેતા અતુભાઈ કાળુભાઈ મકવાણા નામના ૨૭ વર્ષિય યુવકને ગત તા. ૨૦ના રોજ બપોરના ૩ વાગ્યે પત્નિ સાથે ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થતા પોતાને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે અગાસી ઉપર મોનોકોટો દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.














*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)